# રાજકોટ જિલ્લામાં ૪૨ એમ્બ્યુલન્સ દ્વારા ૭.૧૪ લાખ જેટલા દર્દીઓની હમદર્દ બનતી ૧૦૮ની નિઃશુલ્ક ઇમરજન્સી સેવા

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૨

ગંભીર અકસ્માત, હૃદય કે ફેફસા સંબંધી તકલીફ હોય કે પ્રસુતિની પીડાની સ્થિતિ, જયારે પણ દર્દીને જરૂર પડે ત્યારે પ્રાથમિક સારવાર સહિત હોસ્પિટલ સુધી પહોંચાડવા ૧૦૮ની નિઃશુલ્ક સેવા સરકાર દ્વારા પૂરી પાડવામાં આવી રહી છે. સર્વેનાગરિકોના સ્વાસ્થ્ય અને સુખાકારી માટે રાજય સરકાર દ્વારા અમલી બનાવાયેલી વિવિધ નિઃશુલ્ક આરોગ્યલક્ષી સેવાઓમાં ઓન કોલ, ઓન સાઈટ નિઃશુલ્ક સેવા પુરી પાડતી ૧૦૮, ખિલખિલાટ, ધન્વંતરિ રથ સહિતની ઈમરજન્સી સેવાઓનો સમાવેશ થાય છે, જે ફકત દર્દીને હોસ્પિટલ પહોંચાડવાનું જ નહિ પણ તે દરમ્યાન જરૂરી સારવાર પુરી પાડી દર્દીના જીવન જોખમને અટકાવવાનું મહત્વનું કાર્ય પણ કરે છે. રાજકોટ જિલ્લામાં ગત માર્ચ માસમાં ૫૧૩ સહિત અત્યાર સુધીમાં લાઈફ થ્રેટનીંગ કેસમાં ૬૮ હજારથી વધુ માનવ જિંદગીઓ આ સેવા થકી બચી છે. રાજકોટ જિલ્લામાં હાલ ૪૨ એમ્બ્યુલન્સ કાર્યરત છે. જેનો અત્યાર સુધીમાં કુલ ૭,૦૩,૦૪૭ લોકોએ લાભ મેળવ્યો છે. ગત માસમાં ૫૨૯૫ લોકોને ૧૦૮ના માધ્યમથી વિવિધ આરોગ્યલક્ષી ઈમરજન્સી સેવાનો લાભ આપવામાં આવ્યો છે. તેમ ૧૦૮ના પ્રોગ્રામ મેનેજર અભિષેક ઠાકરે જણાવ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, ગત માસમાં પ્રસુતિના ૧૩૦૧ સહિત અત્યાર સુધીમાં પ્રસૂતિના કુલ ૧,૯૬,૨૬૯ કેસ, ગંભીર અકસ્માતના ૭૨૧ સહીત કુલ ૧,૦૫,૪૧૭ કેસ, હૃદય સંબંધી ૪૧૪ સહિત કુલ ૪૬,૮૨૬ કેસ અને શ્વસનને લગતા ૪૨૬ સહિત ૩૭,૧૩૭ કેસમાં દર્દીને સારવાર સહિતની સેવાનો લાભ આપવામાં આવ્યો છે.

# ઓખામાં નિવૃત્ત અધિકારીના બંધ મકાનમાંથી રૂા.૧.૮૩ લાખના મુદ્દામાલની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જામખંભાળિયા તા.૧૨

ઓખામાં રહેતા એક વૃદ્ધ દંપતી તેમનું રહેણાંક મકાન બંધ કરીને કચ્છ ગયા બાદ પાછળથી આ મકાનમાં ઘરફોડી થઈ હતી. જેમાં રોકડ રકમ તથા સોના-ચાંદીના દાગીના મળી, કુલ રૂપિયા ૧.૮૩ લાખનો મુદ્દામાલ ચોરાઈ ગયાનું પોલીસમાં જાહેર થયું છે. આ સમગ્ર પ્રકરણની પોલીસ દફતરે જાહેર થયેલી વિગત મુજબ ઓખાના નવીનગરી વિસ્તારમાં આવેલા ક્રિકેટ ગ્રાઉન્ડની સામેના ભાગે રહેતા અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં સિનિયર આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવી, વર્ષ ૨૦૧૪માં નિવૃત્ત થયેલા હિંમતલાલભાઈ ગોપાલભાઈ યાદવ નામના ૬૮ વર્ષિય કડિયા મિસ્ત્રી વૃદ્ધ તેમના ધર્મપત્ની ભારતીબેન સાથે ગત તારીખ બીજી એપ્રિલના રોજ સવારના સમયે તેમના સસરાના ઘરે કચ્છ ખાતે ગયા હતા. જે અંગેની જાણ તેમના દ્વારા પરિચિત એવા એક-બે વ્યક્તિઓને પણ કરવામાં આવી હતી. કચ્છથી તેઓ તારીખ ૧૦ એપ્રિલના રોજ સવારના સમયે ઓખા ખાતે તેમના ઘરે પરત ફર્યા હતા, ત્યારે તેમને રસોડામાં આવેલી બારીનો સળીયો તૂટેલો જોવા મળ્યો હતો અને લોખંડની ઝારી નીકળી ગયેલી હાલતમાં નીચે પડેલી જોવા મળી હતી. બાદમાં તેઓએ અંદર જઈને જોતા તેમના ઘરના ખુલ્લા કબાટ તેમજ માલસામાન વેર વિખેર સાંપળતા કોઈ શખ્સોએ તેમના ઘરે ચોરી કર્યાનું ખુલવા પામ્યું હતું. જે અંગે તેઓએ જોતા તેમના દ્વારા જુદા જુદા કબાટમાં રાખવામાં આવેલા કુલ રૂપિયા ૯૦,૦૦૦ રોકડા તથા સોનાનો ચેન, સોનાનો હાર, ચાંદીના સાકરા, પગમાં પહેરવાની માછલી વિગેરે મળી કુલ રૂપિયા ૯૩,૦૦૦ ની કિંમતના સોના- ચાંદીના દાગીના પોતાના ઘરમાંથી ગાયબ હોવાનું જાણવા મળ્યું હતું. આથી કુલ રૂપિયા ૧.૮૩ લાખના મુદ્દામાલની ચોરી થવા સબબ ઓખા મરીન પોલીસ મથકમાં હિંમતલાલભાઈ યાદવે ધોરણસર ફરિયાદ નોંધાવી હતી. જે સંદર્ભે પોલીસ આઈપીસી કલમ ૪૫૪, ૪૫૭ તથા ૩૮૦ વિગેરે મુજબ ગુનો નોંધ્યો હતો. આ પ્રકરણમાં તપાસની અધિકારી પી.એસ.આઈ. ડી.એન. વાંઝા દ્વારા ડોગ સ્કવોડ તથા એફએસએલ નિષ્ણાંતોની સેવાઓ લઈને તસ્કરોને ઝડપી લેવા માટેના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

# ખંભાળિયામાં છેતરપિંડી કેસનો દસ વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૨

ખંભાળિયા પંથકમાં રહેતા એક આસામીનું મોટરસાયકલ ચા લેવાનું કહીને લઈ ગયા બાદ સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના સોલારપુર ગામે રહેતા શરદ દશરથભાઈ પંચાલ નામનો ૨૮ વર્ષનો શખ્સ નાસી છૂટ્યો હતો. જે સંદર્ભે વર્ષ ૨૦૧૩માં ખંભાળિયા પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. આ સંદર્ભે દેવભૂમિ દ્વારકા જિલ્લા એલસીબી પોલીસ દ્વારા કરવામાં આવેલી તપાસમાં એ.એસ.આઈ. અરજણભાઈ મારૂ તથા અજીતભાઈ બારોટને મળેલી ચોક્કસ બાતમીના આધારે ઉપરોક્ત શખ્સને દબોચી લેવામાં આવ્યો હતો. વધુ તપાસ અર્થે તેનો કબજો ખંભાળિયા પોલીસને કબજો સોંપવામાં આવ્યો છે. આ સમગ્ર કાર્યવાહી એલસીબીના પી.આઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. એસ.વી. ગળચર અને બી.એમ. દેવમુરારી તેમજ અરજણભાઈ મારૂ, અજીતભાઈ બારોટ, વિપુલભાઈ ડાંગર, ગોવિંદભાઈ કરમુર, અરજણભાઈ આંબલીયા, વિશ્વદિપસિંહ જાડેજા તથા સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

# આઈ.ટી.આઈ. રાજકોટની મુલાકાત લેતાં રાજકોટ શિક્ષણ સમિતિના ચેરમેન અતુલ પંડિત



(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૨

ઔદ્યોગિક તાલીમ સંસ્થા(આઈ.ટી.આઈ) રાજકોટ ખાતે ચાલતાં જુદા જુદા ૨૬ જેટલા ટેકનિકલ કોર્સની પ્રત્યક્ષ જાણકારી મેળવવા માટે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત શાળા નં. ૮૫ નાં વિદ્યાર્થીઓએ તેમના શિક્ષકો સાથે રૂબરૂ મુલાકાત લીધી હતી. ભારત સરકારની નવી શિક્ષણ નીતિ અંતર્ગત શાળાકીય અભ્યાસક્રમની સાથે સાથે કૌશલ્ય આધારિત વ્યવસાયલક્ષી ટેકનિકલ વિષયો અભ્યાસક્રમમાં દાખલ કરવામાં આવનાર છે ત્યારે ધોરણ ૮ અને ૯ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પોતાની રૂચિ અનુસાર રેગ્યુલર વિષયો સાથે ટેકનિકલ વિષયો પણ પસંદ કરી શાળાકીય અભ્યાસ દરમ્યાન જ બેઝિક તાલીમ મેળવે જે ભવિષ્યમાં એડવાન્સ ટ્રેનિંગ કોર્ષ આઈ.ટી. આઈ./ડીપ્લોમાના ટેકનિકલ કોર્સમાં રેગ્યુલર પ્રવેશ મેળવે ત્યારે વધુ ઉપયોગી નીવડે તેવા શુભાશયથી આ મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાતમાં શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી અતુલ પંડિત પણ ભૂલકાંઓની સાથે મુલાકાતે પધાર્યા હતા. મુલાકાત દરમ્યાન ચેરમેન, શિક્ષકો અને શાળાના બાળકોએ ઔદ્યોગિક તાલીમ સંસ્થા રાજકોટમાં ચાલતા જુદાં જુદા ૨૬ થી વધુ ટેકનિકલ કોર્સમાં સમાવિષ્ટ બાબતો, એડમિશન પ્રક્રીયા, રોજગારીની તકો, અભ્યાસ દરમ્યાન ચાલતી ઓન જોબ ટ્રેનીંગ અને ડ્યુઅલ સીસ્ટમ ટ્રેનીંગ, મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના તદુપરાંત માત્ર મહિલાઓ માટે ચાલતી મોટર ડ્રાઈવિંગ ટ્રેનિંગ સ્કૂલ સહિતની સંસ્થાની કામગીરીની વિશે ઊંડાણપૂર્વક જાણકારી મેળવી હતી. આ મુલાકાત દરમ્યાન સંસ્થાના આચાર્ય સાગર રાડીયા તેમજ સિનિયર ફોરમેન ભારડીયાના માર્ગદર્શન હેઠળ દરેક વર્કશોપમાં ચાલતી કામગીરીને આમંત્રિતોએ રસપૂર્વક નિહાળી હતી. ચેરમેનએ દીકરાઓની સમકક્ષ દરેક અભ્યાસક્રમમાં દીકરીઓ પણ વધુમાં વધુ પ્રવેશ મેળવે તે માટે જરૂરી સૂચનો પણ કર્યા હતા. સમગ્ર મુલાકાત દરમ્યાન સંસ્થાના જુદા જુદા સ્ટાફે દરેક બાબતોનું ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપવા જહેમત ઉઠાવી હતી. વિદ્યાર્થીઓને આપેલા સચોટ માર્ગદર્શન માટે શાળાનાં શિક્ષણગણએ આઈ.ટી.આઈના આચાર્ય સાગર રાડિયા તથા તમામ સ્ટાફગણનો આભાર માન્યો હતો.

# કાળિયા ઠાકોરને ભવ્ય છપ્પનભોગ મનોરથ યોજાયો

## જગત મંદિરમાં ગર્ભગૂહ પુષ્પોથી શણગારવામાં આવ્યું



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૨

દ્વારકા જગત મંદિરે મંગળવારે સાંજે ઠાકોરજીના ઉત્થાપન સમયે યજમાનના સયોગથી વારદાર પૂજારી દ્વારા કાળિયા ઠાકોરને ભવ્ય છપ્પન ભોગ ધરાવવામાં આવ્યો હતો. છપ્પનભોગ સાથે ગર્ભગૂહ પુષ્પોથી શણગારવામાં આવ્યું હતું. સંખ્યાબંધ ભાવિકોએ કાળિયા ઠાકોરના છપ્પનભોગ મનોરથ દર્શનો લાભ લિધો હતો.

# જૂનાગઢ સામાજિક સંસ્થાઓ સાથે જોડાયેલા હિરેન નાગ્રેચાનો આજે જન્મદિવસ



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૨

જૂનાગઢના હિરેન નવીનભાઈ નાગ્રેચાનો આજે જન્મદિવસ છે. હિરેનભાઈ અનેક સેવાકીય સંસ્થાઓ સાથે જોડાયેલા છે. જ્યારે કોરોનાનો કપરો સમય ચાલતો હતો ત્યારે હિરેનભાઈ અનેક સેવાકીય સંસ્થાઓ સાથે જોડાઈ અને અનેક સેવાકીય કાર્યો કરેલા હતા. જેમ કે, સોનાપુરી ખાતે અનેક લોકોના અંતિમસંસ્કાર, સિવિલ હોસ્પિટલમાં ફૂડ સેવા જ્યારે પોતાના પાસે રહેવા તૈયાર નહોતા ત્યારે હિરેનભાઈ રાતદિવસ સોનાપુરી અને સિવિલ હોસ્પિટલે સેવા આપતા હતા. હિરેનભાઈને જન્મ દિવસની શુભકામના હિરેનભાઈને મોબાઈલ ૯૮૯૮૯૧૫૮૭૪, રૂબરૂ, સોશ્યલ મીડિયા દ્વારા અનેક લોકો જન્મદિવસની શુભકામના પાઠવે છે.


# નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **શરીફાબેન સાબુદીન મખ્યાલા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **શરીફાબેન શાહબુદીનભાઈ મખ્યાલા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**શરીફાબેન શાહબુદીનભાઈ મખ્યાલા**

તિરૂપતિ સોસા. બ્લોક નં.૭, જોષીપરા, જૂનાગઢ



Editor, Printer, Publisher and Owner : Abhijeet K. Upadhyay, Saurashtra Bhoomi, Daily. Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, Gujarat. Printed at Somnath Printers, Jail Road, Junagadh, Gujarat India

### ગિરનાર પર્વતને કાંઠે આવેલા પસવાડા ડેમના સૌંદર્યમાં થયેલ વધારો

# રૂા. ૧૪ લાખના ખર્ચે અમૃત સરોવર વિકસાવવાથી પસવાડા ગામની રોનક વધી









## અમૃત સરોવરના નિર્માણથી અમારા ગામનું વાતાવરણ બદલાયું છે : સરપંચ જયસિંહ ભાટી

જૂનાગઢ તા.૧૨

ગરવા ગિરનારની ગોદમાં આવેલ સરકડીયા હનુમાનના દર્શનાર્થે અને પ્રકૃતિના ખોળે વિહારવા ઘણાં ભાવિકો-પ્રવાસીઓ જાય છે. આ માર્ગે જવામાં વધુ એક ફરવાનું રમણીય સ્થળ ઉમેરાયું છે, પસવાડા ડેમ. આ નાની સિંચાઈ યોજના ગિરનાર પર્વતના તદ્દન કાંઠે છે, એટલે રમણીય નજારો તો છે જ. પરંતુ અમૃત સરોવર હેઠળ પસવાડા ડેમને આવરી લેતા પ્રાથમિક અને માળખાગત વિકસાવવાતા પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યુંછે. આમ, અહિંયા સેંકડો લોકો અહીંઆવી રહ્યા છે અને ક્વોલિટી સમય પસાર કરવાની સાથે એક યાદગાર સંભારણાંનું ભાથું બાંધી રહ્યા છે. પસવાડા ગામના સરપંચ જયસિંહ ભાટી કહે છે કે, અમૃત સરોવરના નિર્માણથી અમારા ગામનું વાતાવરણ બદલાઈ ગયું છે. દર મહિને સેંકડો લોકો અહિંયા આવે છે, ખાસ કરીને ભરપૂર કુદરતી સંપદા વચ્ચે સરકડીયા હનુમાનજીનું પ્રાચીન મંદિર આવેલું છે. એટલે આ મંદિરે આવતા ભાવિકો-પ્રવાસીઓ હવે અમૃત સરોવરના સૌંદર્યને માણવા અચૂક આવે છે, તેઓ કહે છે કે, કદાચ ગુજરાતનું સર્વશ્રેષ્ઠ અમૃતસરોવરનું અમારા ગામમાં નિર્માણ થયું છે. જેથી ગ્રામલોકોમાં પણ એક ઉત્સાહભર્યું વાતાવરણ છે. આ અમૃત સરોવર ખાતે રાષ્ટ્રીય પર્વ એવા સ્વતંત્રતા અને પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવે છે. હાઈસ્કુલ અને પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ અને આંગણવાડીના બાળકો પણ ટૂંકો પ્રવાસ કરવામાં આવે છે. અન્ય કાર્યક્રમની પણ અહીંયા શાનદાર ઉજવણી કરવામાં આવે છે. આ રમણીય સ્થળની કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી સહિતના અધિકારીઓ મુલાકાત લઈ ચૂક્યા છે.

ખાસ કરીને ચોમાસામાં અહીંયા વિશેષ દર્શનીય નજારો હોય છે, રાત્રિના સમયે પણ અહીંયા ફરવાની એટલી જ મજા પડે છે. અંતમાં જયસિંહ ભાટીએ તેમ જણાવતા કહ્યું કે, પસવાડા નાની સિંચાઈ યોજના મારફત આજુબાજુના ગામોની પિયત માટે પાણી પણ આપવામાં આવી રહ્યું છે. તેમણે પ્રધાનમંત્રી અમૃત્ત સરોવર નિર્માણને પહેલને પણ આવકારી હતી.

અમૃત સરોવરના નિર્માણ કાર્ય સાથે જોડાયેલા ટેકનીકલ આસિસ્ટન્ટ સંકેત સોનપાલ જણાવે છે કે, પસવાડા ડેમને અમૃત





સરોવર હેઠળ આવરી લેવાથી પસવાડા ગામની રોનકમાં વધારો થવાની સાથે એક નવી ઓળખ પણ મળી છે. મનરેગા યોજના અને સિંચાઈ વિભાગના સંકલનથી જુદા જુદા અનુદાનમાંથી અંદાજે રૂા.૧૪ લાખના ખર્ચે અહીંયા જમીન સમથળ કરીને પેવર બ્લોક, સોલાર લાઈટ, બેસવા માટે બાકડા વગેરે સુવિધા ઉભી કરવામાં આવી છે. આગામી સમયમાં વૃક્ષ વાવેતર કરવાની પણ યોજના છે.પસવાડા ડેમ ખાતે જવા માટે જૂનાગઢ-ભેસાણ રોડ પર આવેલ મેંદપરા ગામથી જઈ શકાશે.

ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં દરેક જિલ્લામાં ૭૫ અમૃતસરોવર નિર્માણ કરવાનુંઆહવાનકર્યું હતું. જેથી જળસંચયને વેગ મળવાની સાથે લોકોને હરવાં ફરવાંનું એક રમણીય સ્થળ પણ મળી રહે. જે જૂનાગઢ જિલ્લામાં સાર્થક થઈ રહ્યું છે.જૂનાગઢ જિલ્લામાં કલેક્ટર અનિલકુમાર રાણાવાસીયાના માર્ગદર્શનમાંઅને ઈન્ચાર્જ નિવાસી અધિક કલેક્ટર અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક પી.જી. પટેલની સીધી દેખરેખમાં અમૃત સરોવરના નિર્માણ કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે.

**ખાસ અહેવાલ : રોહિત ઉસદડ**

## ડિસ્ટ્રીબ્યુટર અને રિટેઈલર્સ સાથે મળીને તુલસી ટીની સફળતાનો ઉત્સવ મનાવાયો

### સુંદર કામગીરી કરનારા રિટેઈલર્સનું સ્વાગત અને ડિસ્ટ્રીબ્યુટરનું બહુમાન પણ કરવામાં આવ્યું

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૨

તુલસી ચા, જે ચાની બ્રાન્ડ સાથે લાખો ગુજરાતી પરિવારો તેમના દિવસની શરૂઆત કરે છે, તેણે રવિવારે રાજ્યભરના તેના ડિસ્ટ્રીબ્યુટર અને રિટેઈલર્સસાથે ૨૦૨૨-૨૩ની સફળ પૂર્ણતાની ઉજવણી કરી. આ સમારંભનું નામ યોગ્ય રીતે જ "રિશ્તે હૈ પ્યાર કે, ઈનામ હૈ આપકે" આપવામાં આવ્યુ હતું અને સમારંભમાં સેંકડો ડિસ્ટ્રીબ્યુટર અને રિટેઈલર્સને એક મંચ ઉપર એકબીજા સાથે નેટવર્કીંગની તક મળી હતી. ડિસ્ટ્રીબ્યુટર અને રિટેઈલર્સને સંબોધન કરતાં તુલસી ટીના સ્થાપક અને ચેરમેન ગોરધનભાઈ કથરોટીયાએ ગ્રાહકોને તુલસી ચા આસાનીથી ઉપલબ્ધ થાય તે બાબત ઉપર ભાર મુક્યો હતો. તેમણે ગ્રાહકોની જરૂરિયાતો સમજવા માટે બજાર સાથે જોડાયેલા રહેવાનું અને એ મુજબ ડિલિવરી આપવાનું મહત્વ પણ સમજાવ્યું હતું. તુલસી ટી તરફથી પૂરા થયેલા નાણાંકીય વર્ષમાં કંપનીના વિકાસમાં ઉત્તમ કામગીરી કરનારા સુપર-૩૦ ડિસ્ટ્રિબ્યુટરનું બહુમાન કરવામાં આવ્યું હતું. આ સમારંભમાં ભૌમિક શાહ અને બેન્ડ, વી કંપની ડાન્સર્સ, ઈલ્યુઝન આર્ટીસ્ટ (જાદુગર) સપન જોષીએ કાર્યક્રમ રજુ કર્યો હતો, જે હાજર રહેલા તમામ લોકો માટે ખૂબ જ યાદગાર બની રહયો હતો. સમારંભના અંતે બધાએ ભવ્ય ભોજનનો સ્વાદ માણ્યો હતો. આ સમારંભમાં લકી ડ્રોનું આયોજન કરવામાં આવ્યુ હતું. ગોલ્ડ લકી ડ્રો કેટેગરીમાં ૧૦૦૮ અને ડાયમન્ડ લકી ડ્રો કેટેગરીમાં ૫૦૪ ઈનામ આપવામાં આવ્યા હતાં. સૌથી મોટા ઈનામ તરીકે ટાટા પંચ કાર આપવામાં આવી હતી. આ સમારંભનું સંચાલન આરજે કુણાલ અને શિમોલીએ કર્યુ હતું. સમારંભને અંતે આભાર માનતાં તુલસી ટીના મેનેજીંગ ડિરેકટર હરેશભાઈ કથરોટીયાએ સમારંભમાં હાજર રહી તેને સફળ બનાવવા બદલ ડિસ્ટ્રીબ્યુટર અને રિટેઈલર્સનો આભાર માન્યો હતો. તુલસી ટીને લાખો ઘરો સુધી લોકપ્રિય બનાવવામાં ડિસ્ટ્રીબ્યુટર અને રિટેઈલર્સના યોગદાનની તેમણે પ્રશંસા કરી હતી.







## જૂનાગઢ કૃષિ યુનિ. ખાતે ફર્ટીલાઈઝર ડીલર્સ કોર્ષની ત્રેવીસમી બેંચનો શુભારંભ

### રાસાયણિક ખાતરોનો કાર્યક્ષમ ઉપયોગ, પોષક તત્વોના વ્યવસ્થાપન જેવા વિષયોનું વૈજ્ઞાનિકો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે

જૂનાગઢ, તા.૧૨

ભારત સરકારના કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રાલયના નિર્દેશ મુજબ પંદર દિવસીય ૭૫ ડીલરો માટે સર્ટીફિકેટ કોર્ષ ઈન્ટીગ્રેટેડ ન્યુટ્રીયન્ટ મેનેજમેન્ટ ફોર ફર્ટીલાઈઝર ડીલર્સની જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ ખાતે તા.૧૧ એપ્રીલના ત્રેવીસમી બેંચનો આરંભ કરાયો હતો. આ પ્રસંગે કુલપતિ, ડો. વી.પી. ચોવટીયાએ જણાવ્યું હતું કે, જમાના સાથે કદમ મિલાવવાનો આ સમય છે. અને સમય સાથે તાલ મિલાવે તેને જ તાલીમ કહેવાય. આજના યાંત્રિક યુગમાં તાલ મિલાવીને



આગળ વધવાનું છે. તમારી પાસે જે જ્ઞાન છે અને અમારા તજજ્ઞો દ્વારા જે માર્ગદર્શન આપવામાં આવે છે તેનાથી ખેડૂતોનો ખેતી ખર્ચ ઘટાડી વધુ ઉત્પાદન મેળવે તેવા પ્રત્યનો હોવા જોઈએ.

કૃષિ યુનિવસિટી દ્વારા ખાતરની ભલામણ કરવામાં આવે છે. તેમાં પ્રથમ ૧૦ ટન સેન્દ્રીય ખાતર ૧ હેકટરે નાખવાની ભલામણ હોય છે. તે પછી જ રાસાયણિક ખાતરોનો ઉપયોગ કરવાનો હોય છે.ખાલી રાસાયણિક ખાતર નાખવાથી જમીનનની ફળદ્રુપતા ઘટે છે.સાથે જમીન કડક પણ બને છે.જે પાયાના ખાતરો હોય છે.તે ખાતરો ખેડૂતો પાકના ઉગાવા બાદ ઉપયોગ કરતા હોય છે.જે ખોટી પદ્ધતિ છે. ખેડૂતોને સાચુ માર્ગદર્શનમળે તો ૧૦ ટકા ખાતરનો બચાવ થાય તો પણ સરકારની સબસીડી ઘણી બચી શકે.હાલ ન્યુટ્રીયન્ટ મેનેજમેન્ટની ખાસ જરૂર છે.જે તમને આ કોર્ષ દ્વારા જાણવા મળશે.

આ પ્રસંગે વિસ્તરણ શિક્ષણ નિયામક ડો.એચ.એમ. ગાજીપરાએ જણાવ્યું કે, આપણા વડવાઓએ આપણને જે ફળદ્રુપ જમીન વારસામાં મળી છે.તે જમીન હવે પછીની પેઢીને બંજર જમીન આપવાને બદલે ફળદ્રુપ જમીન આપવા માટે પ્રયત્નશીલ રહેવું પડશે. અવાવરૂ કુવા તેમજ બોરમાં શકય બને તો રીચાર્જ કરવાથી પાણીના તળ ઉચા આવી શકે. તેમજ તાલીમાર્થીઓને પોષક તત્વોના વ્યવસ્થાપન અંગેની જાણકારી તેમજ વાપરવાની વૈજ્ઞાનિક પધ્ધતિ, લીકવીડ ફર્ટીલાઈઝર, બાયો ફર્ટીલાઈઝર તેમજ નેનો ફર્ટીલાઈઝરની સમજણ અને તે મુજબ રાસાયણિક ખાતરોનો કાર્યક્ષમ ઉપયોગ જેવા વિષયોનું વૈજ્ઞાનિકો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. આ તાલીમ કાર્યક્રમને સફળ બનાવવા સંકલન કરનાર ડો. એચ.સી. છોડવડીયા, તેમજ ડો.જી. આર.ગોહિલ, સાવન ભાભોર, નિકુંજ કાવરતેમજ વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરીનાં સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

## જેસીઆઈ જૂનાગઢ દ્વારા સરગવાડા પ્રાથમિક સ્કુલનાં વિદ્યાર્થીઓને યુનિફોર્મ વિતરણ

જૂનાગઢ, તા.૧૨

જેસીઆઈ જૂનાગઢ અને દાતા સ્વ.મધુબેન પ્રવીણભાઈ ચૌહાણ (હ. ઉમેશભાઈ) - ઓસ્ટ્રેલિયા, યુ.કે. સેવા સમિતિના કિશોરભાઈ વાઢિયાના સહયોગથી યુ. કે. સેવા સમિતિના જૂનાગઢના પ્રતિનિધિ જેસી યતિનભાઈ કારીયા હસ્તક સરગવાડા પ્રાથમિક સ્કૂલના ૨૭૦ વિદ્યાર્થીઓને યુનિફોર્મના સ્કૂલ શૂઝ વિતરણ કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામને સફળ બનાવવા માટે જેસીઆઈ જૂનાગઢના પ્રમુખ પાર્થ પરમાર, સેક્રેટરી ચિરાગ કડેચા, ઝોન ઓફિસર ચેતન સાવલિયા, ડાયરેકટર કિશોરભાઈ ચોટલીયા અને વિરલ કડેચા, ગોપાલ હિંડોચા તથા સરગવાડા પ્રાથમિક શાળાના પ્રિન્સિપાલ વિપુલભાઈ રાવલ તથા સમસ્ત સ્ટાફ દ્વારા સાથે મળી જહેમત ઉઠાવવામાં આવી હતી. મહેમાનોનું સ્વાગત શિક્ષક વ્રજલાલ દેસાઈ દ્વારા તથા શાળા દ્વારા આ તકે દાતાઓ રામભાઈ ભારાઈ તથા રમેશભાઈ રાઠોડનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષક પિયુષભાઈ ક્યાડા દ્વારા કરવામાં આવ્યું હતું.

## ખંભાળિયા નજીકના પૌરાણિક મંદિરે આગેવાનો, કાર્યકરો દ્વારા માથું ટેકવવામાં આવ્યું



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૨

ખંભાળિયા નજીકના ગ્રામ્ય વિસ્તારમાં આવેલા અતિ પૌરાણિક અને ઐતિહાસિક એવા આઈ બેલી આવડ માતાજીના મંદિર ખાતે ગઈકાલે સોમવારે યોજવામાં આવેલા ધાર્મિક કાર્યક્રમમાં નવ નિયુક્ત જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવીએ ઉપસ્થિત રહી અને પૂજન અર્ચન કર્યું હતું. આ ઉપરાંત તેમની સાથે મહામંત્રી રસિકભાઈ નકુમ, જિલ્લા ભાજપ મંત્રી રાજુભાઈ ભરવાડ સહિતના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કંચનપુર તથા ધરમપુર વિસ્તારના સ્થાનિક રહીશો દ્વારા આગેવાનો - હોદ્દેદારોનું સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું.

## નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા દેવભૂમિ દ્વારકા જીલ્લામાં યુવા સંવાદ કાર્યક્રમ યોજાશે

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૨

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સમગ્ર દેશમાં આઝાદી કા અમૃત મહોત્સવની ઊજવણી થઈ રહી છે. જેના સંદર્ભમાં, યુવા બાબતો અને રમતગમત મંત્રાલય અને તેની સ્વાયત્ત સંસ્થા નહેરુ યુવા કેન્દ્ર સંગઠન ૩૧ મે સુધી દેશના તમામ જિલ્લાઓમાં સમુદાય આધારિત સંસ્થાઓ દ્વારા "YUVA SAMVAD- India @2047" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુંછે. આ કાર્યક્રમમાં રસ ધરાવતી સમુદાય આધારિત સંસ્થાઓની કોઈ રાજકીય પૃષ્ઠભૂમિ ન હોવી જોઈએ અને કોઈ ગુનાહિત ઈતિહાસ પણ ન હોવો જોઈએ. સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આ પ્રકારના ત્રણ કાર્યક્રમોનું આયોજન કરવા માટે કુલ ત્રણ સમુદાય આધારિત સંસ્થાની પસંદગી કરવામાં આવશે. રસ ધરાવનાર સમુદાય આધારિત સંસ્થા નહેરૂ યુવા કેન્દ્ર જામનગર સ્થિત કચેરી ઓફીસ નં. ૪, પહેલો માળ, જુની આર.ટી.ઓ. કચેરી, લાલ બંગલો, જામનગર ખાતેથી અરજી ફોર્મ મેળવી શકે છે. ફોન નંબર ૯૭૫૮૧ ૪૩૬૫૧ ઉપર સંપર્ક કરવા જામનગરના નહેરૂ યુવા કેન્દ્રની યાદીમાંજણાવાયું આવ્યુંછે.

## દેવભૂમિ દ્વારકા જીલ્લામાં અસંગઠિત શ્રમયોગીઓની ઈ-શ્રમ પોર્ટલ ઉપર નોંધણી પ્રક્રિયાનો પ્રારંભ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૨

દેવભૂમિ દ્વારકા અસંગઠિત શ્રમયોગીઓ, સ્વરોજગાર કામદારોની ઈ-શ્રમ પોર્ટલ ઉપર નોંધણી માટે સામાજિક સુરક્ષા અધિનિયમ હેઠળની જોગવાઈ મુજબ ઈ-શ્રમ પોર્ટલની રચના કરવામાં આવી છે. આ અન્વયે ૧૬ થી ૬૦ વર્ષની વયના અસંગઠિત શ્રમયોગીઓ કે સ્વરોજગાર કામદારો કે જે EPFO/ESICના સભ્ય ના હોય અને આવકવેરો ચુકવતા ન હોય તેમની નોંધણી ઈ-શ્રમ પોર્ટલ પર થઈ શકશે. આ માટે જિલ્લામાં કોમન સર્વિસ સેન્ટર(CSC) તથા ગ્રામ્યસ્તરે ઈ-ગ્રામ સેવા કેન્દ્રો કાર્યરત છે. ઉપરાંત ઈ- શ્રમ પોર્ટલ પર સેલ્ફ રજીસ્ટ્રેશનના માધ્યમથી પણ નોંધણી કરી શકાશે. શ્રમયોગીઓએ નોંધણી માટે આધાર નંબર, મોબાઈલ નંબર (આધાર કાર્ડમાં લિંક હોય તે) તથા બેંક એકાઉન્ટની વિગત રજુ કર્યેથી ઈ-શ્રમ પોર્ટલ ઉપર નોંધણી સ્થળ ઉપર જ વિના મૂલ્યે કરી આપવામાં આવશે. ઈ-શ્રમ કાર્ડ ધરાવતા શ્રમયોગીઓને આકસ્મિક મૃત્યુ અને કાયમી અપંગતાના કિસ્સામાં એક વર્ષ માટે રૂા. બે લાખની સહાય અને આંશિક અપંગતાના કિસ્સામાં એક વર્ષ માટે રૂા. એક લાખની સહાય મળવાપાત્ર રહેશે. જિલ્લાના તમામ અસંગઠિત શ્રમયોગીઓ અને સ્વરોજગાર કામદારોને ઈ-શ્રમ પોર્ટલ ઉપર વધુમાં વધુ નોંધણી કરાવવા જિલ્લા કલેકટર અશોક શર્મા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. વધુ વિગત માટે www.eshram.gov.in તથા હેલ્પલાઈન નંબર ૧૪૪૩૪ (નેશનલ) તથા ૧૫૫૩૭૨ (સ્ટેટ) ઉપર સંપર્ક કરી શકાશે તેમ એક યાદીમાં જણાવાયું છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# વિપક્ષી દળોનાં ઈરાદાની પોલ ખુલી સુપ્રિમ કોર્ટે ઝાટકણી કાઢી

સીબીઆઈ અને ઈડીના દુરુપયોગનાં રોદણાં લઈને સુપ્રીમ કોર્ટમાં પહોંચી ગયેલા કોંગ્રેસ સહિત ૧૪ વિપક્ષોએ જે રીતે ત્યાંથી ખાલી હાથે પાછું ફરવું પડ્યું, તેના માટે તેઓ પોતે જ જવાબદાર કહી શકાય. તેમણે તો એવી કોઈ અરજી જ દાખલ નહોતી કરવી જોઈતી, જેનાથી એવું પ્રતીત થાય કે વિપક્ષી દળો પોતાના માટે અલગ નિયમ-કાયદા અથવા કેન્દ્રીય તપાસ એજન્સીઓના તપાસ દાયરાથી મુક્તિ ઈચ્છે છે. સમજવું મુશ્કેલ છે કે વિપક્ષો પોતાની આ અરજી દ્વારા કહેવા શું માંગતા હતા? શું તેઓ એમ ઈચ્છતા હતા કે સીબીઆઈ અને ઈડી જેવી એજન્સીઓને એ નિર્દેશ આપી દેવામાં આવે કે તેઓ વિપક્ષી દળોના નેતાઓ વિરૂધ્ધ કશી તપાસ જ ન કરે, ભલે તેમના પર કૌભાંડો-ગરબડોમાં સામલે હોવાના આરોપ હોય? શું તેઓ એમ ઈચ્છતા હતા કે ભ્રષ્ટાચારના આરોપોનો સામનો કરી રહેલા નેતાઓની એટલા માટે ધરપકડ ન કરવી જોઈએ, કારણ કે તેઓ વિપક્ષી દળોના નેતા છે? સૌથી વિચિત્ર વાત તો એ છે કે વિપક્ષો પોતાના દ્વારા બનાવાઈ રહેલા કેન્દ્રીય એજન્સીઓના દુરુપયોગના માહોલમાં સુપ્રીમ કોર્ટની ભાગીદારી ઈચ્છતા હતા! એ સારું થયું કે વિપક્ષી દળોના ઈરાદાની પોલ ખૂલી ગઈ અને તેમની સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ ઝાટકણી કાઢી કે તેમના માટે અલગ દિશાનિર્દેશ ન બનાવી શકાય.

વિપક્ષી દળોના નેતાઓ માટે સુપ્રીમ કોર્ટ દ્વારા અલગ દિશાનિર્દેશ જારી થવાનો મતલબ થાત, અલગ-અલગ લોકો માટે અલગ-અલગ વિધાન. આ કાયદાના શાસન અને સાથે જ લોકતંત્રની મૂળ ભાવનાથી વિપરીત હોત. આખરે વિપક્ષોએ એવું કઈ રીતે માની લીધું કે તેમના માટે અલગ વ્યવસ્થા બની શકે છે? સુપ્રીમ કોર્ટથી વિલા મોંએ પાછા ફરેલા વિપક્ષી દળો ભલે ગમે તે દાવો કરે, તેઓ એનો ઈનકાર ન કરી શકે કે રાજકીય ભ્રષ્ટાચાર એક સચ્ચાઈ છે. આ જ કારણે ગત દિવસોમાં વડાપ્રધાને સીબીઆઈને એમ કહ્યું હતું કે ભ્રષ્ટાચારીઓને છોડવામાં ન આવે, ભલે તે ગમે તેટલા તાકાતવર કેમ ન હોય. વિપક્ષી દળો એની અવગણના ન કરી શકે કે ભ્રષ્ટાચારના કેટલાક કેસોમાં નેતાઓને સજા પણ થઈ છે અને કેટલાય નેતાઓને જામીન પણ નથી મળી રહ્યા. મુશ્કેલી એ છે કે વિપક્ષી દળો એવા જ કેટલાક દાગી નેતાઓનો ઉલ્લેખ કરીને એ સાબિત કરવાની હાસ્યાસ્પદ કોશિશ કરી રહ્યા હતા કે કેન્દ્રીય એજન્સીઓનો દુરુપયોગ કરાઈ રહ્યો છે. જો એમ માની પણ લઈએ કે આરોપોમાં થોડી પણ સચ્ચાઈ છે, તો આખરે ભ્રષ્ટાચારના આરોપોથી ઘેરાયેલા નેતાઓને જેલમાં કેમ ધકેલી દેવાયા છે? શું વિપક્ષી દળોને અદાલતોના ચુકાદા પર પણ ભરસો નથી? ૧૪ વિપક્ષી દળો ભલે જે કારણોસર કોંગ્રેસના નેતૃત્વમાં એક છત તળે આવ્યા હોય, પરંતુ એમાં મોટાભાગના એવા પક્ષો છે, જેમના નેતા ભ્રષ્ટાચારને કારણે સીબીઆઈ અને ઈડીની તપાસનો સામનો કરી રહ્યા છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

મનુષ્ય જૂઠ બોલીને જીવનની મોટી સંપતિથી વંચિત રહી જાય છે.

- શરદચંદ્ર

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.આવા-૧૩૯૨, મુ. રમજાન-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, ચૈત્ર વદ-૭, તા.૧૨ એપ્રિલ ૨૦૨૩, બુધવાર, પારસી તા.૩૦, મુસ્લિમ તા.૨૦, મૂળ નક્ષત્ર, પરિઘ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૩૫, સૂ.અ.૭:૦૯

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: વિલંબમાં પડેલા કાર્યો પૂર્ણ થાય. સંતાનથી લાભ થાય.
વૃષભ: નકારાત્મક વિચારોથી મન ભરાયેલું રહે. વ્યર્થ ઉદાસીનતા રહે.
મિથુન: મનમાં મૂંઝવણ રહે. અપયશના ભોગ બનવું પડે.
કર્ક: ઈચ્છીત પરિસ્થિતિનું નિર્માણ થાય. સમસ્યાનો ઉકેલ મળે.
સિંહ: નવિન સમાચાર મળે. ચિંતાનું સમાધાન થાય.
કન્યા: રોકાયેલા નાણાં છૂટા થાય. નવિન આયોજન કરી શકશો.
તુલા: તકનો લાભ ઉઠાવી શકશો. આર્થિક લાભની તક મળે.
વૃશ્ચિક: વાદ-વિવાદમાં ન પડવું હિતાવહ. બીજાઓ સાથે સંઘર્ષ ટાળવો.
ધન: પ્રતિકૂળ સંજોગોમાંથી માર્ગ કાઢી શકશો. મનમાં આનંદ રહે.
મકર: નાણાંભીડ અનુભવાય, મનમાં વ્યથા રહે.
કુંભ: જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. અંગત મૂંઝવણ દૂર થાય.
મીન: કાર્ય સફળતા માટે મહેનત કરવી પડે.

# ગુજરાતનો સૌથી સુંદર બીચ ખતરામાં ગમે ત્યારે ડૂબી જશે તેવો રિપોર્ટમાં ખુલાસો



ગુજરાતના સુંદર દરિયાકિનારાના સુંદર બીચ ખતરામાં છે. ગુજરાતનો સુંદર શિવરાજપુરબીચ આવનારી પેઢી માટે નામશેષ કે ગાયબ થઈ જશે. કારણ કે ૩૨ હજાર ૬૯૨ સ્કવેર મીટરનું ધોવાણ થઈ ચૂક્યું છે. જ્યારે ૨ હજાર ૩૯૬ સ્કવેર મીટરમાં કાદવ-કીચડ ભરાયેલો છે. દેશમાં સૌથી વધારે ગુજરાતમાં ૫૩૭.૫ કિલોમીટરના દરિયાકાંઠાનું ધોવાણ થયાનું ખુદ સરકારે પણ સ્વીકાર્યું. રાજ્યસભાના એક સવાલના જવાબમાં ગાયબ થતાં બીચમાં ગુજરાતનો બ્લુ ફ્લેગ શિવરાજપુર બીચનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત માંડવી, તિથલ, દાંડી, ઉભરાટ, સુવલી, ડાભરી જેવા બીચ ગાયબ થવાના આરે હોવાના પણ આક્ષેપ કરવામાં આવ્યા છે.

કેન્દ્ર સરકારના પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય મુજબ સમગ્ર દેશમાં સૌથી વધુ દરિયાઈ કાંઠો ધરાવતો ગુજરાત રાજ્યનો કાંઠો ખતરામાં છે. ત્યારે કોંગ્રેસે આક્ષેપ કર્યા હતા કે કેન્દ્ર સરકાર દ્વારા ધોવાણ અને કાંપ, કીચડ તથા કચરાના ભરાવાના નિવારણ માટેની ત્રણ સાઈટ કેરળ, પોંડીચેરી અને તમિલનાડુમાં નક્કી કરવામાં આવી છે. જો કે દેશનો સૌથી મોટો દરિયાકાંઠો ધરાવતો અને સૌથી વધુ ધોવાણ ધરાવતા ગુજરાતમાં એક પણ સાઈટ સેન્ટ્રલ સેકટર પ્લાન સ્કીમ હેઠળ પસંદ કરવામાં આવી નથી.

કેન્દ્ર સરકારનો સમગ્ર રિપોર્ટ દર્શાવે છે કે ગુજરાત અને કેન્દ્ર સરકાર દરિયાઈ કાંઠાના પર્યાવરણને બચાવવામાં નિષ્ફળ જઈ રહી છે. સમગ્ર દેશના ૬ હજાર ૬૩૨ કિલો મીટરના દરિયાઈ કાંઠામાંથી ૬૦ ટકાથી વધુ દરિયાઈ કિનારો પર્યાવરણની દષ્ટિએ ખતરામાં છે. સમગ્ર દેશમાં ૩૩.૬% દરિયાઈ કાંઠો ધોવાણ હેઠળ છે અને ૨૬.૯ ટકા દરિયાઈ કાંઠામાં કાંપ, કીચડ અને કચરાનાના લીધે નુકસાન થઈ રહ્યું છે.

# ગુજરાતની આ યુનિવર્સિટીમાં ભૂત છે અચાનક ખૂલે છે કલાસની બારી, ખુરશીઓ આપોઆપ ખસે છે



ભૂતની વાત આવે ત્યારે દરેકના મનમાં ભયનું એક લખલખું પસાર થઈ જાય છે. તમે તમારી આસપાસ પણ ભૂત હોવાના વિચારથી ડરી જાઓ છો. ત્યારે અમદાવાદની એક યુનિવર્સિટીના કેમ્પસમાં ભૂત હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. કેમ્પસની લિફ્ટમાં અને સીડીમાં કોઈની હાજરી હોવાનો અહેસાસ વિદ્યાર્થીઓને થાય છે. તેમજ કોઈ રહસ્યમયી તત્વ કલાસ રૂમના બારી બારણા ખોલી નાંખતા હોવાની વાતોથી ડરનો માહોલ સર્જાયો છે. આ કેમ્પસ છે ચાંદખેડામાં આવેલું ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી (GTU) નું કેમ્પસ.

ઈન્સ્ટાગ્રામ પર ૧૬ લાખ ફોલોઅર્સ ધરાવતા એક ફેમસ એકાઉન્ટ પર હાલમાં ગુજરાતના એક સૌથી ડરામણા સ્થળ પર એક પોસ્ટ કરવામાં આવી હતી. જેમાં જીટીયુનો પણ સમાવેશ કરાયો છે. જીટીયુ કેમ્પસ ડરામણું છે તે જાણીને જ વિદ્યાર્થીઓમાં ડર પેદા થયો છે. હાલ આખા કેમ્પસમાં આ પ્રકારની વાતો અને ચર્ચાના પગલે કેમ્પસમાં કામ કરતા તમામ લોકો અને વિશેષ કરીને વિદ્યાર્થીઓમાં ભારે ફફડાટ ફેલાયો છે.

ભૂતકાળમાં પણ કેટલાક કર્મચારીઓ મોડી રાત સુધી કામ માટે રોકાયા હોય ત્યારે તેમને આ પ્રકારનો અહેસાસ થયા હોવાનુ તેઓએ ફરિયાદ કરી હતી. કેટલાકે એવુ પણ કહ્યું કે, કેટલા રૂમોમાં ફર્નિચર આપોઆપ ખસે છે અને બારીઓ પણ આપોઆપ ખૂલી જાય છે. એક અધિકારીએ જણાવ્યુ હતું કે, કેમ્પસના એક બિલ્ડીંગમાં જ્યારે ઓછા લોકો કામ કરી રહ્યા હતા ત્યારે એક ખૂણમાંથી કોઈની ચીસ પણ સંભળાઈ હતી. આ માટે ભૂતકાળમાં યુનિવર્સિટીના સત્તાધીશોએ કેટલાક નિષ્ણાતોને પણ બોલાવ્યા હતા.

# મોદીના શાસનમાં ભારતને પોતાની હિંમત અને શક્તિઓની અનુભૂતિ થઈ

નવી દિલ્હી, તા.૧૨

ભાજપનો ૪૪મો સ્થાપના દિવસ અને સનાતન ધર્મના પ્રિય એવા બજરંગ બલિની જન્મજયંતિ એક જ દિવસે આવી તે માત્ર એક સંયોગ હતો કે નિયતિનો કોઈ નિશ્ચિત સંકેત હતો! ગમે તે હોય, પીએમ મોદીનું ભાષણ અને તેમા હનુમાનજીના જીવનની અસંખ્ય વાતોનો સમાવેશ ખૂબ જ સરળ, સ્વાભાવિક અને સ્વીકાર્ય હતી. હનુમાનજીની કાર્યશૈલી અને ભાજપની કાર્યશૈલી વચ્ચે સમાંતર શોધવું અને સ્થાપિત કરવું મુશ્કેલ ન હતું. હનુમાનજીનું જીવન ઘણા કેસ સ્ટડીનો વિષય રહ્યું છે. મેનેજમેન્ટ ગુરુઓ તેમના પ્રવચનોમાં આ અંગે ઘણો ઉલ્લેખ કરતા આવ્યાં છે અને કરતા રહેશે. શ્રી હનુમાનજીનું સૂત્ર છે, 'રામ કાજ કીન્હે બિનુ, મોહિ કહાં બિશ્રામ' એટલે હનુમાનજી કોઈ આરામ કર્યા વગર સતત રામજીના કામમાં લાગેલા રહે છે. હનુમાનજીનો જન્મ રામકાજ માટે જ થયો હતો. તેમનો અવતાર રામ-કાજ માટે છે, તેમની આતુરતા રામ-કાજ માટે છે, હકીકતમાં તેમની સમગ્ર ચેતના જ રામ-કાજ માટે જ છે. પીએમ મોદીએ કહ્યું, હનુમાનજીનું જીવન, તેમના જીવનની મુખ્ય ઘટનાઓ આજે પણ ભારતની વિકાસ યાત્રામાં આપણને પ્રેરણા આપે છે. હનુમાનજી પાસે અપાર શક્તિ છે પરંતુ તેઓ આ શક્તિનો ઉપયોગ ત્યારે જ કરી શકે છે જ્યારે તેમની આત્મશંકાનો અંત આવે. આઝાદી પહેલા અને ખાસ કરીને ૨૦૧૪ પહેલા ભારતની આવી જ હાલત હતી. દેશનો નાગરિક અપાર ક્ષમતાથી ભરેલો હતો, પણ અનેક શંકાઓથી ઘેરાયેલો હતો. શ્રી રામચરિત માનસનો એક પ્રસંગ યાદ કરો. માતા સીતાના અપહરણ પછી, ઘણા વાનર-રીંછના જૂથો બનાવીને તેમની શોધમાં જુદી જુદી દિશામાં મોકલવામાં આવ્યા હતા. એક સમૂહ, જેમાં જાંબવંત, હનુમાન અને કિષ્કિંધાના યુવરાજ અંગદ વગેરે પણ હિંદ મહાસાગરના કિનારે ઉદાસ અને દુઃખી થઈને ઊભા હતા. જ્યારે મહાસાગર પાર કરવા જેવી મુશ્કેલ સમસ્યાનો સામનો કરવો પડે ત્યારે હતાશ અને નિરાશ થવું સ્વાભાવિક છે. અફાટ સાગર અને તેનો અનંત વિસ્તાર—બધા નિરાશામાં ડૂબી ગયા હતા. જીવનમાં ઘણી વખત આપણે આપણી જાતને આવી પરિસ્થિતિમાં શોધીએ છીએ. સામે મંઝિલ છે પણ રસ્તો નથી. હનુમાનજી શાપિત હતા કે, જ્યારે તેમને તેમની અસીમ શક્તિની જરૂર હશે ત્યારે તેઓને તે શક્તિ યાદ નહીં હોય. શું ૨૦૧૪ પહેલા આપણું ભારત કંઈક આવું નહોતું? આતંકવાદને આશ્રય અને પાળનારી શક્તિઓ જ્યારે ઈચ્છે ત્યારે આપણા દેશની શાંતિ લઈ લેતી હતી અને આપણે સૌ મૂંગા દર્શકની જેમ આ તમાશો જોતા હતા. સરકાર આતંકવાદને 'સખત શબ્દોમાં' વખોડીને ગોખાયેલા સ્ટેટમેન્ટ જાહેરમાં બોલતી હતી અને તેની સાથે જ તેની જાણે ફરજ પૂરી થઈ જતી હોય તેમ પૂર્ણવિરામ મૂકી દેવામાં આવતું. ડેમેજ-કંટ્રોલનો બીજો કોઈ રસ્તો જ નહોતો. તેથી રામાયણના સંદર્ભમાં, જૂના જાંબવંતે હનુમાનને તેમની અમર્યાદિત શક્તિની યાદ અપાવી. જાંબવંતે હનુમાનને નિરાશા અને હતાશાનો ત્યાગ કરીને પોતાની શક્તિને જાગૃત કરવા અને અંદર છુપાયેલી શક્યતાઓને ઓળખવા માટે પ્રેરિત કર્યા. ૨૦૧૪માં પીએમ મોદીના નેતૃત્વમાં ભાજપની સરકાર આવી તે પહેલા આપણો દેશ પણ આવી જ હાલતમાં હતો. આજે એ જ ભારત વિશ્વગુરુ બનવાનું સપનું જુએ છે અને આ સપના શેખચિલ્લીના ખાલી સપના નથી, પરંતુ તેના સાકાર થવાની સંભાવના ઘણી વધારે છે.

# હજારો કરોડના દેવામાં ડૂબેલી બીજ બજાર કંપનીને ખરીદવા કેમ અંબાણી અને અદાણી વચ્ચે થઈ રહી છે રસાકસી



નવી દિલ્હી તા. ૧૨

ભારતના બે બિઝનેસ દિગ્ગજોએ ભારે દેવાથી ડૂબેલી કંપનીને ખરીદવા બિડ કરવાની તૈયારી કરી છે. આ કંપની બિગ બજાર સાથે ભાવિ રિટેલ કંપની છે અને આ બે દિગ્ગજ છે મુકેશ અંબાણી અને ગૌતમ અદાણી. ગયા વર્ષે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ બિગ બજાર ખરીદવા આગળ આવી હતી. પરંતુ ડીલ બાબતે વાત પહોંચી શકી ન હતી. પરંતુ હવે તેને ખરીદવાની દોડ ફરી શરૂ થઈ છે.

આગામી થોડા દિવસોમાં રિલાયન્સ અને અદાણી ગ્રુપ ફ્યુચર રિટેલને ખરીદવા માટે સામસામે આવશે. અદાણી અને અંબાણી સિવાય ૪૭ અન્ય ખરીદદારોએ પણ કિશોર બિયાનીની આ કંપની ખરીદવામાં રસ દાખવ્યો છે. આ માહિતી સામે આવ્યા બાદ તેની અસર તેના શેર પર પણ જોવા મળી રહી છે. કંપનીનો શેર રૂ. ૨.૫૦ પર ટ્રેન્ડ કરી રહ્યો છે, જે ૪.૧૭ ટકા વધુ છે.

રિલાયન્સ રિટેલ અને અદાણી ગ્રૂપ ઉપરાંત, ખરીદદારોમાં ડબ્લ્યુએચ સ્મિથ, જિંદાલ પાવર્સ લિમિટેડ, ગાર્ડન બ્રધર્સના જેસી ફ્લાવર્સનો સમાવેશ થાય છે. ટૂંક સમયમાં જ બિઝનેસ જગતમાં ભારતના બે ઉદ્યોગપતિઓ વચ્ચે લડાઈ જોવા મળશે. હાલમાં મુકેશ અંબાણી એશિયાના સૌથી અમીર વ્યક્તિ છે, જેની સામે એશિયાના ભૂતપૂર્વ અમીર ગૌતમ અદાણી હશે.

# એપ્રિલમાં જ થશે મે મહિનાની ગરમીનો અનુભવ

નવી દિલ્હી, તા.૧૨

એપ્રિલના શરૂઆતના દિવસોમાં આકરો તડકો આગામી દિવસોમાં આકરી ગરમી પડી શકે તેવો સંકેત આપી રહ્યો છે. હવામાન વિભાગ અનુસાર, આગામી સપ્તાહમાં તાપમાનમાં ૩-૫ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની સંભાવના છે. મધ્ય ભારતના કેટલાક ભાગોમાં તાપમાન વધશે અને લોકો એપ્રિલ મહિનામાં જ મે મહિનાની ગરમીનો અનુભવ કરી શકે છે. જોકે ઉત્તરપૂર્વ ભારતમાં હળવો વરસાદ જોવા મળી શકે છે. માર્ચ મહિનામાં કમોસમી વરસાદના કારણે હવામાનમાં પલટો આવ્યો હતો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ અઠવાડિયે તાપમાનમાં વધારો જોવા મળી શકે છે, જેના કારણે ઉનાળો ભેજવાળો થઈ શકે છે. કેરળ સહિતના ઉત્તરપૂર્વીય રાજ્યોને બાદ કરતાં ભારતના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં વધારો થવાની ધારણા છે. દેશના ઘણા ભાગો આકરી ગરમી અને પરસેવાથી ત્રસ્ત છે. માનવામાં આવી રહ્યું છે કે આગામી દિવસોમાં ભારતના મોટાભાગના વિસ્તારોમાં ભેજવાળી ગરમીનો સામનો કરવો પડી શકે છે. મધ્ય ભારત અને તેની આજુબાજુના વિસ્તારોમાં સામાન્ય કરતાં વધુ તાપમાનની અપેક્ષા છે. પશ્ચિમ બંગાળ અને દક્ષિણ-પૂર્વ ભારત જેવા પૂર્વ ભારતના ઘણા ભાગોમાં, પારો ૪૦ ડિગ્રી સેલ્સિયસને પાર કરી શકે છે. આગાહી અનુસાર, ઓડિશા, બિહાર, ઝારખંડ, ગુજરાત અને ગોવામાં તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસને પાર થવાની સંભાવના છે. આંધ્રપ્રદેશમાં પણ તીવ્ર ગરમી પડી શકે છે, જ્યારે તેલંગાણા અને મહારાષ્ટ્રમાં પણ તાપમાનમાં વધારો થવાની ધારણા છે. જો કે, આગામી ૨-૩ દિવસ માટે આ ભાગોમાં હીટ વેવની સ્થિતિ માટે કોઈ ચેતવણી જારી કરવામાં આવી નથી. આગામી ૨૪ કલાક દરમિયાન અરુણાચલ પ્રદેશ અને પૂર્વ આસામ જેવા પૂર્વોત્તર રાજ્યોમાં હળવાથી મધ્યમ વરસાદ થઈ શકે છે. કેરળમાં આગામી ૫ દિવસ સુધી હળવો વરસાદ થવાની સંભાવના છે. કેરળમાં ૧૨ સ્થળોએ હળવા વરસાદ સાથે મધ્યમ વરસાદ પડી શકે છે. પશ્ચિમ રાજસ્થાન અને જમ્મુ-કાશ્મીરમાં એક-બે જગ્યાએ ગાજવીજની શક્યતા છે. હવામાન વિભાગ દ્વારા ખરાબ હવામાનની સ્થિતિ વિશે જણાવવા માટે યલો એલર્ટ જારી કરવામાં આવે છે. આ એક પ્રકારની એલાર્મ બેલ છે. જે સંકેત આપે છે કે વર્તમાન પરિસ્થિતિમાં કોઈ ખતરો નથી, પરંતુ ખતરનાક હવામાન ગમે ત્યારે તમારી સામે આવી શકે છે, તેના માટે તૈયાર રહો. ઓરેન્જ એલર્ટ યલો એલર્ટ કરતા એક ડગલું આગળ છે. મતલબ કે ખતરો આવી રહ્યો છે. હવે તમારે બેદરકાર ન રહેવું જોઈએ. આ પછી ગમે ત્યારે ખતરનાક હવામાન તમારી સામે આવી શકે છે. આવી સ્થિતિમાં, તે પરિસ્થિતિનો સામનો કરવા માટે તમારી જાતને તૈયાર કરો. જ્યારે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવે છે, ત્યારે સંબંધિત અધિકારીઓને તૈયાર રહેવા માટે કહેવામાં આવે છે અને લોકોને આવતા-જતા સાવચેતી રાખવા માટે કહેવામાં આવે છે. જ્યારે હવામાન ખૂબ જ ખરાબ છે અને તેના કારણે નુકસાન થવાની સંભાવના છે, ત્યારે હવામાન વિભાગ દ્વારા રેડ એલર્ટ જારી કરવામાં આવે છે. આ ખતરનાક હવામાનની નિશાની છે. લોકોને એલર્ટ કરવા માટે રેડ એલર્ટ જારી કરવામાં આવે છે કે હવે તમારે તમારી સુરક્ષાને ધ્યાનમાં રાખીને તમામ નિયમોનું પાલન કરવું જોઈએ. શિયાળામાં રેડ એલર્ટનો અર્થ ખતરનાક ઠંડીની સ્થિતિ છે, જ્યારે વરસાદની મોસમમાં રેડ એલર્ટનો અર્થ પૂર, તોફાન અથવા નુકસાનકારક વરસાદ થાય છે. રેડ એલર્ટ બાદ લોકોએ બેદરકારી ન રાખવી જોઈએ. આવી સ્થિતિમાં તે ઋતુના પ્રકોપથી બચવાની વ્યવસ્થા કરવી જોઈએ.

# • રમઝાન મુબારક •




## ઉડાઉ અનેબેફામ ખર્ચ

સંતુલન અને મધ્યમ માર્ગનું સ્થાન બે કિનારાઓ વચ્ચે છે. એક કિનારો અતિરેકનો છે અને બીજો કિનારો કાર્યલોપનો છે. એક બાજુ અતિરેક અને બીજી બાજુ આળસ છે. એક ઉડાઉ ખર્ચ છે અને બીજુ કંજૂસાઈ. અલ્લાહને માત્ર મધ્યમ માર્ગ પસંદ છે, તેને અતિરેક કે ચૂક પસંદ નથી. તે જેમ અતિરેક કરનારાઓને પસંદ નથી કરતો એવી જ રીતે કાર્યલોપ-કામમાં ચૂક કરનારાઓને પણ પસંદ નથી કરતો. કુર્આનમાં અલ્લાહે પોતાના બંદાઓનાં અમુક ગુણોનો ઉલ્લેખ કર્યો છે, એમને ઈબાદુર્રહમાન નો સન્માનનીય ઈલ્કાબ આપ્યો છે. તેઓ રહમાનના બંદા છે, એમની એક વિશિષ્ટતા (ગુણ) અલ્લાહના આ શબ્દોમાં વર્ણવે છે:

"જેઓ ખર્ચ કરે છે તો ન તો ઉડાઉ ખર્ચ કરે છે ન જ કંજૂસાઈ (દાખવે છે), બલ્કે એમનો આ ખર્ચ આ બન્ને અતિરેકો વચ્ચે મધ્યમ ખર્ચ ઉપર રહે છે." (સૂર : અલ ફુર્કાન - ૬૭)

જીવનનાં અન્ય તમામ વ્યવહારોની જેમ ખર્ચનાં ક્ષેત્રે પણ અલ્લાહને મધ્યમ માર્ગ પસંદ છે. કંજૂસી તો નિંદનીય તો છે જ પરંતુ ઉડાઉ અને બેફામ ખર્ચ એના કરતાં પણ વધુ નિંદનીય અને નુકસાનકારક છે. આથી અલ્લાહ અને તેના રસૂલ સલ્લલ્લાહુ અલૈહી વસલ્લમે ઉડાઉ અને બેફામ ખર્ચ કરતાં અટકાવ્યા છે અને આવા બેફામ ખર્ચ કરનારાઓને શૈતાનનાં ભાઈ ઠેરવ્યાં છે. કુર્આનમાં કહેવામાં આવ્યું છે:

"ઉડાઉ ખર્ચ કરનારા લોકો શૈતાનનાં ભાઈ છે અને શૈતાન પોતાના રબ પાલનહારનો કૃતઘ્ન છે." (સૂર : બનીઈસરાઈલ : ૨૭)

**રોઝા : ૨૦ બુધવાર**

જીવનની અન્ય બાબતોમાં જેમ અતિરેક બગાડ અને સડાનું કારણ બને છે એવી જ રીતે ખર્ચમાં અતિરેક પણ મોટા નુકસાન અને ભયનો દ્વાર ખોલી નાંખે છે. ઉડાઉ અને બેફામ ખર્ચ પણ ખર્ચનાં અતિરેકનો એક સૌથી દુષ્ટ ચહેરો છે જેને અલ્લાહ અને તેના રસૂલ સલ્લલ્લાહુ અલૈહી વસલ્લમે કદાપિ પસંદ નથી કર્યો. આવો ઉડાઉ ખર્ચ ગમે તે પ્રસંગે કરવામાં આવે ઈસ્લામે તેને અટકાવવાનો આદેશ આપ્યો છે. આપણા જીવનમાં વિવિધ પ્રસંગો અને અવસરોએ ઉડાઉ તથા બેફામ ખર્ચ કરવામાં આવે છે પરંતુ લગ્ન-વિવાહ પ્રસંગે ઉડાઉ ખર્ચનું પ્રદૂષણ સૌથી વધુ કરવામાં આવે છે. કોઈ પણ વ્યક્તિ આ તક ચૂકી જવા માંગતી નથી. જરૂરિયાત વિનાનો ખર્ચ અને દેખાડાનો ખોટો ખર્ચ પણ લગ્ન-વિવાહની ઓળખ બની ચૂક્યા છે. ધનિક લોકો તો ધન પાણીની જેમ વહેવડાવે છે. પરંતુ ગરીબ પણ આ પ્રસંગે ઉડાઉ ખર્ચ કરવામાં પાછળ રહી જવા નથી માંગતો. જમીન વહેંચાઈ જાય, ઘર ગિરવે મૂકવાનો વારો આવે, વ્યાજે નાણાં ઉધાર લાવવા પડે, આ બધું જ સ્વીકાર્ય બની જાય છે.

ઈસ્લામ દર્શન કેન્દ્ર, જૂનાગઢ

# રાજ્યમાં મુખ્ય શિક્ષકોની બદલી માટે પણ કમિટીની રચના કરવા રજૂઆત

**પ્રાથમિક શિક્ષકોની જેમ HMATમાં બદલીના નિયમો તૈયાર કરવા ખાસ કમિટી રચવા માંગણી કરાઈ, પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા શિક્ષણમંત્રીને પત્ર લખી બદલીના નિયમો તૈયાર કરવા જણાવ્યું**

અમદાવાદ, તા.૧૨

રાજ્યમાં મુખ્ય શિક્ષક (HTAT)ના બદલીના નિયમો બનાવવા માટે પણ ખાસ કમિટીની રચના કરવામાં આવે તે માટે પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા શિક્ષણમંત્રીને પત્ર લખીને રજૂઆત કરી છે. ૨૦૨૨માં પ્રાથમિક શિક્ષકો માટે બદલીના નિયમો બનાવવામાં આવ્યા હતા તેમાં HTAT માટે બદલીના નિયમો બનાવવામાં આવ્યા ન હતા. જેથી હવે હવે કમિટીની રચના કરી બદલીના નિયમો બનાવવા માટે માગણી કરવામાં આવી છે. રાજયની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા પ્રાથમિક શિક્ષકોના બદલીના ૧૯૯૯થી અમલમાં આવ્યા છે. જેમાં સમયાંતરે ફેરફાર કરવામાં આવે છે. શિક્ષણ વિભાગ દ્વારા છેલ્લે એપ્રિલ- ૨૦૨૨માં બદલીના નિયમો બનાવવામાં આવ્યા હતા. જો કે, આ નિયમોમાં કેટલીક વિસંગતતાઓના લઈ શિક્ષણ વિભાગ દ્વારા તેમાં ફેરફાર કરવા માટેની વિચારણા હાથ ધરી હતી. ત્યારબાદ બદલીના નિયમોમાં સુધારા માટે વિભાગદ્વારા એક ખાસ કમિટીની રચના કરવામાં આવી છે. અત્યાર સુધી આ કમિટીની ચાર જેટલી બેઠકો મળી ચુકી છે અને તેમાં યોગ્ય સુધારાઓ કરવામાં આવી રહ્યા છે. રાજ્યમાં મુખ્ય શિક્ષક (HTAT)ની ભરતી ઘણા સમયથી કરવામાં આવી છે, તેમના માટે બદલીના નિયમો બનાવવા આવ્યા છે. પરંતુ બદલીના નિયમોમાં વિસંગતતાઓના કારણે કોર્ટ મેટરો થતાં બદલીઓ થઈ શકી નહોતી. ૧ એપ્રિલ, ૨૦૨૨ના નિયમોમાં HTATના બદલીના નિયમો રદ કરવામાં આવ્યા છે અને પ્રાથમિક શિક્ષકના જે નવા નિયમો બનાવવામાં આવ્યા છે તેમાં HTATના નિયમો બનાવવામાં આવ્યા નથી. HTAT માટે અલગ પોલીસી બનાવવાની બાબત સરકારની વિચારણામાં છે તેમ બદલીઓના નિયમોમાં સુધારા માટે મળેલી કમિટીની બેઠકમાં સામે આવ્યું હતું. રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા જે રીતે પ્રાથમિક શિક્ષકોની બદલીના નિયમોમાં સુધારા માટે ખાસ કમિટીની રચના કરવામાં આવી છે, તે જ રીતે HTATના બદલીના નિયમો માટે પણ ખાસ કમિટીની રચના કરવામાં આવે અને ઝડપથી બદલીના નિયમો બનાવવામાં આવે તે માટે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘદ્વારા રાજ્યના શિક્ષણમંત્રીને પત્ર લખી રજૂઆત કરવામાં આવી છે.

## GPSSB ચેરમેન હસમુખ પટેલનું મોટું નિવેદન

# પૂરતા કેન્દ્ર મળશે તો જ ૩૦ એપ્રિલે તલાટીની પરીક્ષા



અમદાવાદ, તા.૧૨

તલાટીની પરીક્ષા અંગે મહત્વના સમાચાર સામે આવી રહ્યા છે. આ મામલે GPSSB ચેરમેન હસમુખ પટેલનું મોટું નિવેદનસામે આવ્યું છે. તલાટીની પરીક્ષા અંગે ૩ દિવસમાં નિર્ણય થશે. ૩૦ એપ્રિલે પરીક્ષા યોજાવી કે નહીં એનો નિર્ણય થશે. પૂરતા કેન્દ્ર મળશે તો જ ૩૦ એપ્રિલે તલાટીની પરીક્ષા યોજાશે. પૂરતા કેન્દ્ર નહીં મળે તો ૩૦ એપ્રિલે પરીક્ષા નહીં યોજાય. તલાટીની પરીક્ષા ૩૦ એપ્રિલે યોજવી કે નહીં, તે અંગે ૩ દિવસમાં જ નિર્ણય લેવાશે. પંચાયત ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે આ નિવેદન આપ્યું છે. જૂનિયર કલાર્કની પરીક્ષા બાદ હવે તલાટીની પરીક્ષા પંચાયત વિભાગની પ્રાથમિકતા છે. સાથે જ તેમણે સ્પષ્ટ કર્યું કે, જો પૂરતા પરીક્ષા કેન્દ્રો ઉપલબ્ધ થશે તો જ ૩૦ એપ્રિલે તલાટીની પરીક્ષા યોજવાની જાહેરાત કરીશું.

તલાટીની પરીક્ષા માટે સાડા સત્તર લાખ જેટલા ઉમેદવારો છે. જેમના માટે ૫ હજાર ૭૦૦ પરીક્ષા કેન્દ્રોની જરૂર છે. પરંતુ અત્યાર સુધીમાં માત્ર ૩ હજાર ૨૨ જેટલા જ પરીક્ષા કેન્દ્રો ઉપલબ્ધ બન્યા છે. એવામાં અઢી હજારથી વધુ પરીક્ષા કેન્દ્રોની હજુ સગવડતા કરવાની બાકી છે. ત્યારે આ અંગે ફાઈનલ નિર્ણય ૩ દિવસમાં લેવાશે. જૂનિયર કલાર્કની પરીક્ષાનું પેપર દરેક પરીક્ષાર્થીને લાંબુ લાગ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે. સમયવધારે લાગ્યો હોવાનો દાવો કરાયો છે. આવામાં હસમુખ પટેલે કહ્યું કે, અમે પહેલાં જ પેપર લાંબુ હશે એવા સંકેત આપ્યા હતા અને પેપર લાંબુ રાખવા પાછળનો એકમાત્ર ઉદ્દેશ એ હતો કે પરીક્ષાખંડમાં બેઠા બેઠા કોઈ પરીક્ષાર્થીને ચોરી કરવાનો સમય ન મળે. વધુમાં તેમણે ઉમેર્યું કે, પેપર લાંબુ હતું તો દરેક પરીક્ષાર્થી માટે લાંબુ હતું. એટલે અન્યાય થવાનો પ્રશ્ન જ નથી. જૂનિયર ક્લાર્કની પરીક્ષામાં OMR શીટની સાઈઝ અન્ય પરીક્ષા કરતા મોટી હોવાનો કેટલાક પરીક્ષાર્થીઓએ મુદ્દો ઉપસ્થિત કર્યો છે. આ મામલે સ્પષ્ટતા કરતા હસમુખ પટેલે કહ્યું કે, અમારા ધ્યાને આવું કંઈ આવ્યું નથી. પરંતુ હું OMR જોઈશ અને જરૂર જણાશે તો ભવિષ્યમાં સુધારો કરીશું.

### તલાટીની પરીક્ષા અંગે ૩ દિવસમાં નિર્ણય કરાશે

## અલ નીનોના કારણે દુષ્કાળની પણ શક્યતા

# ભારત માટે આ વર્ષે ચોમાસું નબળું રહેવાની આગાહી

નવી દિલ્હી, તા.૧૨

સતત ચાર વર્ષ સુધી 'સામાન્ય' અને 'સામાન્યથી વધુ' વરસાદ નોંધાયા બાદ, ભારતમાં ૨૦૨૩ના ચોમાસામાં (જૂન-સપ્ટેમ્બર) વરસાદ 'સામાન્યથી ઓછો' પડી શકે છે, તેવી આગાહી ભારતમાં હવામાનની આગાહી કરતી ખાનગી સંસ્થા સ્કાયમેટે સોમવારે કરી હતી. આ સાથે ઉત્તર અને મધ્ય ભાગમાં વરસાદની અછતનું 'જોખમ' હોવાનું નોંધ્યું હતું. સ્કાયમેટે સીઝનના બીજા ભાગ (ઓગસ્ટ-સપ્ટેમ્બર) દરમિયાન ઉત્તર ભારતના કૃષિ ક્ષેત્ર પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશમાં 'સામાન્યથી ઓછા' વરસાદની આગાહી ભલે કરી હોય, પરંતુ 'સામાન્યથી ઓછા' સ્તરની સ્થિતિની ખેતીની કામગીરીને અસર કરશે નહીં. કારણ કે, આ રાજ્યોમાં પાયાની સિંચાઈ સુવિધાઓના નેટવર્ક અને નવી દુષ્કાળ-પ્રતિરોધક પ્રકારના બિયારણોના ઉપયોગથી ખેતી પર દુષ્કાળની વધારે અસર થતી નથી. ગુજરાત, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં જુલાઈ-ઓગસ્ટ દરમિયાન અપૂરતો વરસાદ પડશે તેવું હવામાન આગાહીકર્તાનું કહેવું હતું. સમગ્ર દેશ માટે આગાહી કરવામાં આવી હતી કે, આગામી સોમાસું ૯૪ ટકાના લાંબા ગાળાની સરેરાશ સાથે 'સામાન્યથી ઓછું' રહેશે, ચાર મહિનાની સીઝનમાં આશરે ૮૭ સેમી વરસાદની આગાહી છે અને આમ થવાની ૪૦ ટકા શક્યતા છે. જો કે, સ્થિતિ ત્યારે જ સ્પષ્ટ થશે જ્યારે દેશના હવામાન આગાહીકાર ભારતીય હવામાન વિભાગ દ્વારા મંગળવારે ચોમાસાની આગાહી કરવામાં આવશે. 'સામાન્યથી ઓછો' વરસાદ એકંદરે દેશની ખેતી પર વધારે અસર નહીં કરે તેવી શક્યતા છે કારણ કે ૨૦૧૭ અને ૨૦૧૮માં સતત બે વર્ષ સુધી 'સામાન્યથી ઓછો' વરસાદ પડ્યો હતો. કૃષિ મંત્રાલયના ખેતી પેદાશોના આંકડા દર્શાવે છે કે, ૨૦૧૭ અને ૨૦૧૮માં 'સામાન્યથી ઓછો' વરસાદ નોંધાયો હોવા છતાં ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯ દરમિયાન ૨૮૫ મિલિયન ટન અનાજનું ઉત્પાદન થયું હતું, જે ૨૦૧૬-૧૭ના ઉત્પાદન (૨૭૫ મિલિયન ટન) કરતાં વધારે વધારે હતું. જો વરસાદ ઓછો પડ્યો તો ખેત ઉત્પાદન પર તેની પ્રતિકૂળ અસર ચોક્કસથી થશે પરંતુ તેમ થવાની શક્યતા ઓછી છે. ભારતમાં ૨૦૧૯થી ૨૦૨૨ તેમ ચાર વર્ષ સુધી 'સામાન્ય' અથવા 'સામાન્યથી વધુ' વરસાદ નોંધાયો હતો. સ્કાયમેટની આગાહી પ્રમાણે દુષ્કાળની શક્યતા માત્ર ૨૦ ટકા છે. નબળા ચોમાસા માટે અલ નીનોને જવાબદાર ગણતા સ્કાયમેટના મેનેજિંગ ડિરેક્ટર જતિન સિંઘે જણાવ્યું હતું 'મહાસાગરમાં સક્રિય થતી સિસ્ટમ અને બદલાતું વાતાવરણ એન્સોન્યૂટ્રલ (ઈંદ્રજીહીં ફ્ટ્રિન્ન) પરિસ્થિતિને અનુરૂપ છે. અલ નીનોની શક્યતા વધી રહી છે અને સચોમાસા દરમિયાન તેની શ્રેણી બનવાની શક્યતા વધી રહી છે.

# RTEમાં પ્રવેશ માટે ઓનલાઈન ફોર્મ ભરાશે

- વાલીઓ ૨૨ એપ્રિલ સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકશે
- ૮૨,૫૦૦ જેટલી બેઠકો ઉપર પ્રવેશ માટે કાર્યવાહી કરવામાં આવશે

અમદાવાદ, તા.૧૨

RTE અંતર્ગત ધોરણ-૧માં પ્રવેશ માટે સોમવારથી ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ થશે. રાજ્યની ખાનગી પ્રાથમિક સ્કૂલોની ૮૨,૫૦૦ જેટલી બેઠકો પર પ્રવેશ માટે વાલીઓ ઓનલાઈન ફોર્મ ભરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. સોમવારથી શરૂ થનારી ફોર્મ ભરવાની કાર્યવાહી ૨૨ એપ્રિલ સુધી ચાલશે. ફોર્મ ભરવાની કાર્યવાહી સાથે જ જિલ્લા કક્ષાએ ફોર્મની ચકાસણી પણ સોમવારથી જ શરૂ કરી દેવામાં આવશે. ફોર્મ ભરતી વખતે વાલીઓએ અસલ ડોક્યુમેન્ટને જ સ્કેન કરીને અપલોડ કરવાના રહેશે. આ વખતે વાલીઓએ ઈન્કમટેક્ષ રિટર્ન પણ ફોર્મ ભરતી વખતે અપલોડ કરવાના રહેશે RTEમાં પ્રવેશ માટે સોમવારથી વાલીઓ વેબસાઈટ ઉપર જઈને પોતાના બાળકોના પ્રવેશ માટે ૨૨ એપ્રિલ સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ઓનલાઈન ફોર્મ ભર્યા બાદ વાલીએ ફોર્મની પ્રિન્ટ પોતાની પાસે રાખવાની રહેશે. ઓનલાઈન ભરેલા ફોર્મની પ્રિન્ટ ક્યાંય જમા કરાવવાની રહેશે નહીં. રાજ્યની ૯૮૫૬ જેટલી ખાનગી પ્રાથમિક સ્કૂલોની ૮૨,૫૦૦ જેટલી બેઠકો RTE પ્રવેશ માટે અનામત રાખવામાં આવી છે. ગતવર્ષની સરખામણીમાં આ વખતે બેઠકોની સંખ્યામાં ૧૧ હજારનો વધારો થયો છે. RTEમાં પ્રવેશ માટે સોમવારથી ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ થશે, સાથોસાથ જિલ્લા કક્ષાએ ઓનલાઈન ફોર્મની ચકાસણી કરી પણ શરૂ કરી દેવામાં આવશે. ફોર્મની ચકાસણી ૨૩ એપ્રિલના રોજ જિલ્લા કક્ષાએ પૂર્ણ કરી દેવાશે. ચકાસણીમાં અમાન્ય થયેલા ફોર્મમાં ખુટતા ડોક્યુમેન્ટ અપલોડ કરવા માટે અરજદારોને ૨૫ એપ્રિલથી ૨૭ એપ્રિલ સુધી તક આપવામાં આવશે. ફોર્મની ચકાસણી સહિતની તમામ કાર્યવાહી પુર્ણ થયા બાદ ૩ મેના રોજ પ્રવેશ પ્રક્રિયાનો પ્રથમ રાઉન્ડ જાહેર કરવામાં આવશે. ઈ઼ઈની પ્રવેશ માટે વાલીઓએ જન્મ-તારીખનો દાખલો, રહેઠાણનો પુરાવો, જાતિ- કેટેગરીનો દાખલો, સક્ષમ અધિકારીનો આવકનો દાખલો, ઈન્કમટેક્ષ રિટર્ન, ઈન્કમટેક્ષ રિટર્ન ભરેલું ન હોય તેવા કિસ્સામાં આવકવેરાને પાત્ર આવક ન થતું હોવા અંગેનું સેલ્ફ ડેક્લેરેશન જેવા અસલ આધારો ઓનલાઈન અપલોડ કરવાના રહેશે

# રેલવેમાં ૩.૧૫ લાખ નોકરીઓ ખાલી છે: સરકારી ડેટા

નવી દિલ્હી તા.૧૨

એક અહેવાલ અનુસાર રેલવેના ૧૮ ઝોનમાં છેલ્લે માર્ચ ૩૧ સુધીમાં ૩.૧૫ જેટલા ગેઝેટેડ અને નોન ગેઝેટેડ પોસ્ટ ખાલી થઈ હતી. રેલવેના અહેવાલ અનુસાર ૧ ફેબ્રુઆરીના રોજ કુલ ૨૧,૮૩૭ પોસ્ટ ખાલી થઈ હતી. આ બંને ક્ષેત્રમાં હતી જેમાં ગેઝેટેડ અને નોન ગેઝેટેડ સામેલ છે. તેની સાથે હવે રેલવેમાં કુલ ખાલી પદોની સંખ્યા વધીને ૩,૧૫,૭૮૦ થઈ ચૂકી છે. નોન ગેઝેટેડ જગ્યાઓની વાત કરીએ તો એન્જિનિયર, ટેક્નિશિયલ, કલાર્ક, સ્ટેશન માસ્ટર અને ટિકિટ કલેક્ટર સહિત અન્ય પોસ્ટ તેમાં સામેલ છે. જ્યારે અખબારના અહેવાલ અનુસાર ૨૮૮૫ ગેઝેટેડ પોસ્ટ ખાલી છે અને ૩,૧૨,૯૮૯૫ નોન ગેઝેટેડ પોસ્ટ ૧૮ ઝોનમાં ખાલી છે. તેની સાથે અનુસૂચિત જાતિ અને જનજાતિ તથા ઓબીસીની કેટેગરીમાં ૧૮,૯૭૦ પોસ્ટ ખાલી હોવાના પુરાવા છે. ૧ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ એસસી કેટેગરીમાં ૬૧૧૨ અને એસટીમાં ૫૧૧૩ તથા ઓબીસીમાં ૭૪૨૭ પોસ્ટ ખાલી થઈ હતી. સૂત્રોના અહેવાલ અનુસાર ઉત્તર રેલવેમાં સૌથી વધુ ૩૮,૭૫૪ જગ્ગા ખાલી છે જ્યારે તેના બાદ પશ્ચિમ રેલવેમાં ૩૬,૪૭૬ જગ્યા ખાલી છે અને પૂર્વ રેલવેમાં ૩૦,૧૪૧ જગ્યાઓ ખાલી છે જ્યારે દક્ષિણ રેલવેમાં ૨૮,૬૫૦ જગ્યાઓ ખાલી છે. એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું હતું કે, સતત જગ્યાઓ ખાલી થઈ રહી છે અને દર વર્ષે નિવૃત્ત થનારા કર્મચારીઓની સંખ્યા સતત વધતી જઈ રહી છે. છેલ્લા ત્રણ વર્ષમાં ૧,૧૪,૮૮૬ કર્મચારીઓ વિવિધ પોસ્ટ ઉપરથી નિવૃત્ત થયા હતા.

# અદાણી મુદ્દે મતભેદ હોવા છતાં ખડગેએ વિપક્ષી એકતા માટે ચક્રો ગતિમાન કર્યા



નવી દિલ્હી, તા.૯

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP)ના પ્રમુખ શરદપવાર, જે મહારાષ્ટ્રમાં કોંગ્રેસના સાથી છે, તેમણે અદાણી જૂથ ઉપર લાગેલા નાણાકીય ગેરરીતિઓના આરોપો માટે કોંગ્રેસ દ્વારા સંયુક્ત સંસદીય સમિતિ (JPC) તપાસની વિપક્ષની માંગ ઉપર શંકા વ્યક્ત કરી છે. જો કે, કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે આ મુદ્દા ઉપર ચર્ચા કરવા અને આગામી વર્ષની લોકસભાની ચૂંટણીમાં સંયુક્ત વિપક્ષ બનાવવા માટે કોઈ કસર છોડી રહ્યા નથી. પવારે કહ્યું હતું કે, મને લાગે છે કે જેપીસીને બદલે, સુપ્રીમ કોર્ટ દ્વારા નિયુક્ત કમિશન વધુ વિશ્વસનીય અને સ્વતંત્ર છે. આ તમામ ઘટનાક્રમો વચ્ચે, વિપક્ષી પક્ષોને એક કરવા માટે ખડગેએ તાજેતરમાં DMKના M.K. સ્ટાલિન, JD(U)ના નીતિશ કુમાર અને શિવસેના (UBT)ના ઉદ્ધવ ઠાકરે સહિત વિવિધ સમાન વિચારધારાવાળા પક્ષોના નેતાઓને ફોન કર્યો હતો અને તેઓને એક સામાન્ય કાર્યસૂચિને ઔપચારિક બનાવવા માટે આવતા મહિને દિલ્હીમાં બેઠક માટે આમંત્રણ આપ્યું છે. તૃણમૂલ કોંગ્રેસ, ભારત રાષ્ટ્રસમિતિ (BRS) અને સમાજવાદી પાર્ટી જેવા પક્ષો કોંગ્રેસને મોરચાની આગેવાની ન સ્વીકારતા હોવાને કારણે વિપક્ષનું નેતૃત્વ મુખ્ય મુદ્દો હોવાથી, ખડગેએ એવું કહીને સ્પષ્ટ કરવાનો પ્રયાસ કર્યો છે કે વિરોધ પક્ષો વચ્ચે નેતૃત્વ અંગે કોઈ મતભેદ હોવા જોઈએ નહીં. સમય આવશે ત્યારે નેતૃત્વના મુદ્દે સામૂહિક નિર્ણય લેવામાં આવશે અને અમે એક થઈને ચૂંટણી લડીશું કારણ કે લોકો મોદી સરકારની નીતિઓથી કંટાળી ગયા છે. વંશવાદની રાજનીતિને લઈને ભાજપ દ્વારા હંમેશા કોંગ્રેસ ઉપર પ્રહાર કરવામાં આવે છે તે અંગે ખડગેએ કહ્યું કે, ૧૯૯૮થી ગાંધી પરિવારનો કોઈ સભ્ય વડાપ્રધાન કે મંત્રી રહ્યો નથી. ગાંધી પરિવાર છેલ્લા ઘણા સમયથી લોકોના મુદ્દાઓ ઉપર આંદોલન કરી રહ્યો છે જ્યારે અન્ય લોકો માત્ર આનંદ માણી રહ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીના ભાગરૂપે ઉઠાવવામાં આવનાર તમામ મુદ્દાઓ ઉપર યોગ્ય સમયે ચર્ચા કરવામાં આવશે. દરમ્યાન BRS નેતા અને રાજ્યસભાના સાંસદ કે. કેશવ રાવે જણાવ્યું હતું કે તેમનો પક્ષ રાજકીય રીતે કોંગ્રેસથી દૂર રહ્યો છે, પરંતુ તે અમુક મુદ્દાઓ ઉપર મુખ્ય વિપક્ષી પક્ષ સાથે છે. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે પણ કહ્યું છે કે તેઓ વિપક્ષને સાથે લાવવા માટે કોંગ્રેસ પહેલ કરે તેની રાહ જોઈ રહ્યા છે. પવારના કહેવા પર કે અદાણી વિવાદ ઉપર સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળની તપાસ પૂરતી છે, કોંગ્રેસે તરત જ જવાબ આપ્યો કે આ તેમનો અંગત અભિપ્રાય છે અને સમગ્ર વિપક્ષ જેપીસી તપાસ ઈચ્છે છે. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે જણાવ્યું હતું કે, આ એનસીપીનો પોતાનો અભિપ્રાય હોઈ શકે છે, પરંતુ ૧૯ સમાન વિચારધારા ધરાવતા વિરોધ પક્ષોને ખાતરી છે કે અદાણી જૂથનો મુદ્દો વાસ્તવિક અને ગંભીર છે. પરંતુ વિપક્ષ એકજૂથ છે અને બંધારણ અને આપણી લોકશાહીને ભાજપના હુમલાઓથી બચાવવા અને ભાજપના વિભાજનકારી અને વિનાશક રાજકીય, સામાજિક અને આર્થિક એજન્ડાને હરાવવા માટે સાથે રહેશે. શિવસેનાએ એમ પણ કહ્યું છે કે પવારના નિવેદનથી મહારાષ્ટ્રમાં MVAને કોઈ નુકસાન નહીં થાય. વિપક્ષી એકતા માટે આ પહેલું પગલું ભરવામાં આવ્યું છે, પરંતુ હજુ તેના માટે લાંબી મજલ કાપવાની બાકી છે.

# વિરોધ અને અસંમતિને કાબૂમાં લેવા માટે ડિજિટલ સર્વેલન્સનું 'સમર્થન' કરવામાં ગુજરાત ટોચ ઉપર : સર્વે

અમદાવાદ તા.૧૨

કોઈપણ લોકશાહી દેશમાં આંદોલનને લોકશાહી અધિકાર માનવામાં આવે છે અને સત્તાઓ દ્વારા આ અધિકારને ખતમ કરવામાં આવી રહ્યો છે. ગુજરાતમાં તાજેતરના એક સર્વેમાં લગભગ ૯૫ ટકા ઉત્તરદાતાઓએ તમામ પ્રકારની રાજકીય હિલચાલને નિયંત્રિત કરવાના સાધન તરીકે સીસીટીવીનો ઉપયોગ માટે સરકારને ન્યાયી ઠેરવી છે. જે ભારતમાં સૌથી વધુ છે. તે પછી ઉત્તર પ્રદેશ અને હરિયાણાના બે તૃતીયાંશ ઉત્તરદાતાઓ (અનુક્રમે ૬૫% અને ૬૪%) વિરોધને ડામવા માટે CCTVના ઉપયોગને સંપૂર્ણપણે સમર્થન આપે છે. આ રાજ્યોમાં તાજેતરના ભૂતકાળમાં પોલીસ દ્વારા મોબાઈલ સર્વેલન્સ અને ડ્રોનમાં તીવ્ર વધારો નોંધાયો છે.

અહેવાલ કહે છે કે, રાજ્યવાર વિશ્લેષણ દર્શાવે છે કે, આંધ્રપ્રદેશ અને ગુજરાતમાં, ૮૫ ટકાથી વધુ લોકો માને છે કે, તેમના વિસ્તારોમાં પોલીસ દ્વારા સીસીટીવીનો ઉપયોગ વધ્યો છે. ગુજરાતમાં છેલ્લા ૪-૫ વર્ષોમાં પોલીસ દ્વારા તેમના વિસ્તારોમાં મોબાઈલ સર્વેલન્સ અને ડ્રોન ટેક્નોલોજીના ઉપયોગમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. આ સર્વે દિલ્હી સ્થિત નોન-પ્રોફિટ કોમન કોઝ અને લોકનીતિ, સેન્ટર ફોર ધ સ્ટડી ઓફ ડેવલપિંગ સોસાયટીઝ (CSDS) દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું, અને ભારતમાં પોલીસિંગની સ્થિતિ રિપોર્ટ ૨૦૨૩ સર્વેલન્સ એન્ડ ધ ક્વેશ્ચન ઓફ પ્રાઈવસી" (SPIR 2023), એ પણ જણાવે છે કે પશ્ચિમ બંગાળ, પંજાબ અને કર્ણાટકના ઉત્તરદાતાઓ તેના સમર્થનમાં એટલા ઉત્સાહી ન હતા. બંગાળમાંથી માત્ર એક તૃતીયાંશ ઉત્તરદાતાઓએ (૨૯%) અસંમતિને કાબૂમાં લેવા માટે સર્વેલન્સ ફૂટેજના ઉપયોગને સંપૂર્ણપણે ન્યાયી ઠેરવ્યો છે. પંજાબ (૩૬%) અને કર્ણાટક (૩૭%)માં આ સંખ્યા થોડી વધારે છે.

પેગાસસ સ્પાયવેરનો ઉપયોગ કરીને ગેરકાયદેસર રીતે સરકારી દેખરેખના આરોપો અને ક્રિમિનલ પ્રોસિજર (ઓળખ) અધિનિયમ, ૨૦૨૨, જે પોલીસને શકમંદો અને અટકાયતીઓ પાસેથી બાયોમેટ્રિક માહિતી એકત્રિત કરવાની સત્તા આપે છે, તેના અમલીકરણ અંગેની તાજેતરની ચિંતાઓના સંદર્ભમાં આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે. આ રિપોર્ટ તૈયાર કરવા માટે, કોમન કોઝ, CSDSના લોકનીતિ પ્રોગ્રામ સાથે મળીને, ડિજિટલ સર્વેલન્સ વિશેની ધારણાઓને સમજવા માટે ૧૨ ભારતીય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૯,૭૭૯ વ્યક્તિઓ સાથે આ સર્વે હાથ ધર્યો હતો. આયોજકોએ ડોમેન નિષ્ણાંતો, સેવા આપતા પોલીસ અધિકારીઓ સાથે મુલાકાતો અને સર્વેલન્સ-સંબંધિત મુદ્દાઓના મીડિયા કવરેજનું વિશ્લેષણ સાથે કેન્દ્રિત જૂથ ચર્ચાઓ (FGDs) પણ હાથ ધરી હતી.

રાજ્ય એજન્સીઓ દ્વારા ડ્રોનના એકંદર ઉપયોગ અંગે, રાજ્ય મુજબની સરખામણી સૂચવે છે કે ગુજરાત (૮૧%) અને ઉત્તર પ્રદેશ (૭૨%) ના ઉત્તરદાતાઓએ નોંધપાત્ર રીતે સમર્થન દર્શાવ્યું હતું. કર્ણાટક (૬૦%) ના ઉત્તરદાતાઓએ પણ મધ્યમ સમર્થન દર્શાવ્યું હતું, પરંતુ પંજાબ (૧૭%) અને પશ્ચિમ બંગાળ (૧૭%) માં આનો પ્રમાણમાં વધુ વિરોધ જોવા મળ્યો હતો. વ્યવસાય શ્રેણીમાં, ખેડૂતોમાં સમર્થનનું સૌથી નીચું સ્તર જોવા મળ્યું હતું જે ૧૪% છે. ખેડૂતોમાં સરકારી એજન્સીઓ દ્વારા ડ્રોનના ઉપયોગ માટે પ્રમાણમાં નીચું સ્તર નોંધનીય છે. ખાસ કરીને ત્યારે કે જ્યારે કેન્દ્ર ખેતી માટે ડ્રોનના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે દબાણ કરી રહ્યું છે.

લોકો ઉપર ડ્રોન દ્વારા પોલીસ અને સરકાર દ્વારા દેખરેખની અસર વિશે આવતા, સમગ્ર ભારતમાં દર દસમાંથી ચાર (૪૩%) ઉત્તરદાતાઓએ કહ્યું કે તે વાજબી છે, ગુજરાત જેવા રાજ્યોમાંથી નોંધપાત્ર સમર્થન મળ્યું છે (૬૩ %), યુપી (૫૭%) અને દિલ્હી (૫૬%) અને તેનાથી વિપરીત, વિરોધ કરતાં રાજ્યો કેરળ (૩૦%) અને પંજાબ (૧૪%) હતા. ગુજરાતના ઉત્તરદાતાઓના સૌથી વધુ પ્રમાણે કાયદાના અમલીકરણ માટે પોલીસ દ્વારા ડ્રોનના ઉપયોગને સમર્થન આપ્યું છે (૯૫%), ત્યારબાદ કેરળ, (૯૪%) અને આંધ્રપ્રદેશ (૯૧%); જ્યારે આસામ, કર્ણાટક અને પંજાબમાં ઓછું સમર્થન છે અને આસામના લોકો નિયમના અમલ માટે ડ્રોનના પોલીસ ઉપયોગને ટેકો આપે તેવી શક્યતા ઓછી હતી, જ્યારે ગુજરાતના લોકો સૌથી વધુ ટેકો આપે તેવી શક્યતા હતી.

ગુજરાતમાં પાંચમાંથી ચાર લોકો અસંમતિને ડામવા માટે સરકાર દ્વારા ડ્રોનનો ઉપયોગ કરવાનું સમર્થન કરે છે. રાજ્યવાર તુલનાત્મક વિશ્લેષણ કરતી વખતે, અમને જાણવા મળ્યું કે ભાજપ શાસિત રાજ્યોમાં ગુજરાત (૮૫%), હરિયાણા (૬૭%), અને ઉત્તર પ્રદેશ (૬૫%) એ રાજકીય વિરોધને કાબૂમાં લેવા માટે ડ્રોનનો ઉપયોગ કરવા માટે સમર્થન આપ્યું હતું. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેમને લાગે છે કે રાજકીય પક્ષો તેમના ફોન અથવા કમ્પ્યુટરથી તેમના ફોટા, સંદેશા, વિડિયો અથવા સર્ચ કરેલી વસ્તુઓ જુએ છે, તો લગભગ ૬૫ ટકા લોકો અસહમત છે. પરંતુ સંમત થયેલા ૧૬ ટકામાંથી ૨૭ ટકાનો નોંધપાત્ર હિસ્સો ગુજરાત અને કર્ણાટકનો હતો. કેરળ (૮૩%) અને તમિલનાડુ (૭૪%)ના ઉત્તરદાતાઓના નોંધપાત્ર પ્રમાણમાં રાજકીય પક્ષો તેમનો ડેટા જોઈ શકે તે બાબતે અસંમત હતા.

વ્યંગાત્મક રીતે, ડિજિટલ સર્વેલન્સને વ્યાપક સમર્થન હોવા છતાં, તેના ઉપયોગ અંગેનો ભય વર્ગોમાં પ્રવર્તે છે. હરિયાણા (૪૧%), ગુજરાત (૩૩%) અને દિલ્હી (૩૨%) લોકો તેમના રાજકીય મંતવ્યો ઓનલાઈન વ્યક્ત કરવાથી ડરતા હતા, જ્યારે કર્ણાટક, મહારાષ્ટ્ર અને કેરળમાં ઘણા લોકો તેમનો ડર દર્શાવતા નથી. તેમને પૂછવામાં આવ્યું કે શું તેઓ માને છે કે પોલીસ તમામ શકમંદોની બાયોમેટ્રિક વિગતો (જેમ કે ફિંગરપ્રિન્ટ, ફૂટપ્રિન્ટ, આઈરિસ, રેટિના સ્કેન, ફેશિયલ રેકગ્નિશન વગેરે) એકત્રિત કરવામાં સક્ષમ હોવી જોઈએ, જેમાં આરોપીને કોર્ટ દ્વારા દોષિત જાહેર કરવામાં આવ્યા નથી, જ્યારે સમગ્ર ભારતમાં લગભગ અડધા (૪૮%) એ માટે સંમત થયા હતા કે પોલીસને આવી વિગતો એકત્રિત કરવાની મંજૂરી આપવી જોઈએ. હરિયાણા (૭૪%), ગુજરાત (૬૯%) અને દિલ્હી - NCT (૬૫%)ના ઉત્તરદાતાઓનો અભિપ્રાય છે કે પોલીસ પાસે આ સત્તા હોવી જોઈએ.

# અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલ (એસોસીએશન) AACAના નવા હોદેદારો થયેલ નિમણુંક



અમદાવાદ, તા.૧૨

અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલ (એસોસીએશન)ના સને ૨૦૨૩-૨૦૨૫ નાં ૨ વર્ષ માટે નીચેના હદેદારોની નિમણુંક થયેલ છે જેમાં પ્રમુખ સમીર એન. શાહ (આદિશ્વર એડવર્ટાઈઝીંગ), સેક્રેટરી પ્રદિપ એસ. મહેતા (વૃષ્ટી કોમ્યુનીકેશન), ઉપપ્રમુખ ભદ્રેશ બી. ગાંધી (રાકેશ એડવર્ટાઈઝીંગ), જો.સેક્રેટરી કેતન એસ. દેસાઈ (આસ્થા માર્કેટીંગ), ખજાનચી હિરેન એમ. શાહ (હિરેન એડવર્ટાઈઝીંગ), કારોબારી સભ્યો અજીતભાઈ આર. શાહ (અજીત એડસ), સંદિપભાઈ એન. શાહ (અમોલા એડવાર્ટાઈઝીંગ), રાજેન્દ્રભાઈ એસ. સોની (પૂર્ણિમા એડસ), મનીષ પી. ગાંધી (પી.ગૌતમ એન્ડ કાું), પ્રશાંત પી.નારેચાણીઆ (વર્ધમાન એડવર્ટાઈઝીંગ), પીનલ એ. શાહ (શાર્પ મીડીયા સર્વિસીસ), જગત બી. ગાંધી (દિપ્તી એડસ), જીગ્નેશ જે.ગાંધી (શ્રી ગીરીરાજ એડવર્ટાઈઝીંગ), હાર્દીક એ. શાહ (અરવિન એન્ડ કાું)ની નિમણુંક કરવામાં આવેલ છે તેમએક યાદીમાં જણાવેલછે.

# સોમનાથ મહાદેવ સાનિધ્યે દક્ષીણના પરંપરાગત ભકિત વાદ્યો, પવિત્ર વેદમંત્રોચ્ચારો, ભકિત પાઠ, ગુરૂ દર્શનથી ગુંજી ઉઠયા





(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૧૨

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિર સાનિધ્યે દક્ષીણના પંડીતો દ્વારા આયોજીત અતિરૂદ્ર મહાયજ્ઞ ચાર દિવસીયનો આજે ગુરૂજીની ઉપસ્થિતિ અને આર્શીવાદ સાથે પ્રારંભ થયો છે. માણીકયવાસગા સ્વામીગલ મઠ-કુનમ પટ્ટી, કલ્યાણપુરી આદીનમ મઠના ૭૦૦ ભાવિકો આ યજ્ઞમાં જોડાયા છેજેમાં ૧૨૦ પૂજારી અને ૫૮૦ જેટલા ભક્તો સહિતકુલ ૭૦૦ જેટલા ભાવિકો દક્ષીણથી ખાસ સોમનાથ યજ્ઞ અર્થેઆવ્યા છે. ગઈકાલ તા.૧૧ થી ૧૪ એપ્રિલ સુધી સોમનાથ મંદિર પાસેના કિલ્લાવાળા હનુમાનજી પાસેની ચોપાટીના



વિશાળ મેદાનમાં વિશાળ ભવ્ય ટેન્ટ બંધાયો છે જેમાં દક્ષીણ ભારતના પેલેસ સમુ મહાલય મંદિર બનાવાયું છે. યજ્ઞશાળામાં પાંચ કુંડ મધ્યમાં કમળાકાર પૂજન સ્થળ ઉપર ૧૦૦૮ કળશ પૂજન અને મંદિર ફરતા શિવ પ્રતિકો અને મંદિર સમગ્ર ભૂમિ ગાયના પવિત્ર ગોબરથી ગાર કરી પાવનકારી યજ્ઞ ચાલી રહ્યો છે.

## SRM ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી અને લા ટ્રોબ યુનિવર્સિટી, ઓસ્ટ્રેલિયાએ

# ડિજિટલ ટેક્નોલોજી અને એન્જિનિયરિંગમાં સહયોગનો માર્ગ મોકળો કરવા સમજૂતી કરાર ઉપર હસ્તાક્ષર કર્યા

કટ્ટનકુલથુર, તા.૧૨

SRM ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી અનેલા ટ્રોબ યુનિવર્સિટી, ઓસ્ટ્રેલિયાએ ડિજિટલ ટેક્નોલોજી અને એન્જિનિયરિંગમાં સહયોગનો માર્ગ મોકળો કરવા માટે એક સંયુક્ત સેન્ટર ઓફ એમિનન્સની સ્થાપના કરવા માટે સમજૂતી કરાર ઉપર હસ્તાક્ષર કર્યા છે.

મંગળવાર, ૦૪ એપ્રિલના રોજ કટ્ટનકુલથુર ખાતે SRM IS ખાતે હસ્તાક્ષર કરાયેલા એમઓયુ, ડિઝાઈન, વિકાસ, ઈન્ક્યુબેશન અને બિઝનેસ મોડલ અથવા ખ્યાલોના પુરાવા તરીકે વિચારોના સંવર્ધન માટેની તકો પણ ખોલશે. નવીન વિચારોમાં રોકાણ કરવા માટે ઉદ્યોગોને આકર્ષવા ઉપરાંત, એમઓયુ સંભવિત દિમાગને આકર્ષિત કરશે અને IoT અને મશીન લર્નિંગ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડેટા એનાલિટિક્સ, કલાઉડ કમ્પ્યુટિંગ અને સાયબર સુરક્ષા જેવા સંબંધિત ક્ષેત્રોમાં હાસલ કરી શકાય તેવા ધ્યેયો મેળવવામાં મદદ કરશે.

"લા ટ્રોબ SRMને ભારતની ટોચની રેન્કિંગ યુનિવર્સિટીઓમાંની એક તરીકે ઓળખે છે, જે એન્જિનિયરિંગ, મેનેજમેન્ટ, મેડિસિન અને વિજ્ઞાન અને માનવતામાં UG, PG અને સંશોધન કાર્યક્રમોની વિશાળ શ્રેણી ઓફર કરે છે. આ ભાગીદારી ડિજિટલ ટેક્નોલોજી અને એન્જિનિયરિંગમાં ઉચ્ચ-વર્ગના સહયોગી સંયુક્ત કેન્દ્રની સ્થાપના કરશે," લા ટ્રોબ યુનિવર્સિટીના પ્રવકતાએ જણાવ્યું હતું કે, વિશ્વની ટોચની ૧% યુનિવર્સિટીઓમાં સ્થાન ધરાવે છે અને દેશની અગ્રણી યુનિવર્સિટીઓમાંની એક વિશિષ્ટ અને ઉચ્ચ ઓફર કરે છે. - વિદ્યાર્થીઓને આજના વૈશ્વિક મુદ્દાઓને સમજવા અને તેમાં જોડાવવા માટે સજ્જ કરવા ગુણવત્તાયુક્ત ડિગ્રી.

એમઓયુ ઉપર હસ્તાક્ષર કર્યા પછી મીડિયા સાથે વાતચીત કરતી વખતે, પ્રોફેસર જોન કિન્લી દેવારે, એઓ - વાઈસ ચાન્સેલર અને પ્રમુખ, લા ટ્રોબ યુનિવર્સિટીએ જણાવ્યું હતું કે એકસચેન્જ તેમના માટે બંને સંસ્થાઓ વચ્ચે વધુ સંકલિત રીતે ભવિષ્યની યોજના કરવાનું શક્ય બનાવશે. નવા જોઈન્ટ સેન્ટર ઓફ એમિનન્સનું પોતાનું ગવર્નન્સ માળખું હશે જેમાં ૨ ડિરેક્ટર્સ હશે - દરેક સંસ્થામાંથી ૧, સલાહકાર બોર્ડ અને વ્યવસ્થિત આયોજન "અમે ખૂબ જ આતુર છીએ કે અમારા વિદ્યાર્થીઓ ભારત આવે - જે એક ખૂબ જ ગતિશીલ દેશ છે અને અમારા વિદ્યાર્થીઓ અહીં ખર્ચ કરીને અને અહીંની કુશળતા અને પ્રતિભાને ઉજાગર કરીને અને ભારતીય જીવનશૈલી અને સંસ્કૃતિને પણ શીખીને ઘણું શીખી શકે છે. "પ્રો. દેવારે ટિપ્પણી કરી.ભારતીય વિદ્યાર્થીઓ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, સાયબર સિક્યુરિટી અને ઈન્ટરનેટ ઓફ થિંગ્સ જેવા ટૂંકા અભ્યાસક્રમો માટે ઓસ્ટ્રેલિયાની મુલાકાત લઈ શકે છે, જેમાં તેઓ નિપુણતા ધરાવે છે, એમ તેમણે જણાવ્યું હતું.

"હું ૩૦ વર્ષથી ભારત આવી રહ્યો છું અને ક્યારેય એવો સમય જોયો નથી જયારે આટલો આશાવાદ હોય - ભારતમાં શું થઈ રહ્યું છે અને ઓસ્ટ્રેલિયા અને ભારત વચ્ચેના સંબંધો વિશે. હું ખૂબ જ ઉત્સાહિત છું અને આ વંશવેલો સંબંધ વિના સમાનની ભાગીદારી છે," તેમણે કહ્યું. SRM IST અને La Trobe બંને ખૂબ જ મજબૂત સંસ્થાઓ તરીકે એકસાથે આવે છે અને સ્ટાફના સંયુક્ત સંશોધન પ્રોજેક્ટ્સ માટે ટૂંકા અભ્યાસક્રમો અને સેમિનાર સહિત સહયોગમાંથી મેળવવા માટે પૂરક કુશળતા સાથે આવે છે. તેમણે કહ્યું કે આ તે મોડેલ હશે જેને ઘણી યુનિવર્સિટીઓ વધુને વધુ અનુસરશે, ખાસ કરીને ભારતમાં.

"આ કેલિબર (SRM IST) ની સંસ્થાઓ સાથે સહયોગ કરવા ઈચ્છવા માટે અમારી પાસે ઘણા કારણો છે. આ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓની ક્ષમતા નોંધપાત્ર છે. અમે તેમને વિકસાવવા અને શીખવવા માટે SRM સાથે કામ કરવા માટે ખૂબ જ ઉત્સુક છીએ. અમે પણ ખૂબ જ આતુર છીએ - તમારા દ્વારા - ઉદ્યોગ સાથે



ભાગીદારી કરવા. અમે અમારા જ્ઞાન અને કુશળતાને વ્યાપક વિશ્વમાં અસર માટે બહાર લઈ જવા માટે ખૂબ જ પ્રતિબદ્ધ છીએ અને ઉદ્યોગો સાથે સહયોગ કરવો ખૂબ જ મહત્વપૂર્ણ છે," પ્રો. દેવરે ઉમેર્યું. પ્રો. SRM ISTના વાઈસ ચાન્સેલર C. Muthamizhchelvan જણાવ્યું હતું કે જો લા ટ્રોબ અને SRM ISTના ફેકલ્ટી મેમ્બર્સ શિક્ષણ અને સંશોધન માટે એક સેમેસ્ટર ખર્ચી શકે છે અને એકવાર તેઓ પાછા આવે છે, તો તેઓ સમાન સુવિધાઓ ઊભી કરી શકે છે. સંયુક્ત સહયોગી સંશોધન આ રીતે થઈ શકે છે અને તે લા ટ્રોબ યુનિવર્સિટીના વહીવટી કાર્યને જોવાના માર્ગો પણ બનાવશે. ડૉ. સ્ટેસી ફેરાવે, ડેપ્યુટી વાઈસ ચાન્સેલર (ફ્યુચર ગ્રોથ), પ્રો. અમાલિયા ડી લોરીઓ, પ્રો વાઈસ ચાન્સેલર - શૈક્ષણિક ભાગીદારી, ડૉ. એસ.પોનુસામી, રજીસ્ટ્રાર, SRM IS, પ્રો. લક્ષ્મી નરસિમ્હન, ડાયરેક્ટર, આંતરરાષ્ટ્રીય સંબંધો, પ્રો. આ પ્રસંગે ઈન્ટરનેશનલ રિલેશનના આસિસ્ટન્ટ ડાયરેક્ટર કાયલવિઝી જયવેલ અન્યો પણ હાજર હતા.

# ખંભાળિયાની હાપીવાડી સરકારી શાળામાં રૂા.૯૦ લાખના ખર્ચે વિવિધ કામોના ખાત મુહૂર્ત કરાયા

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૨

ખંભાળિયા તાલુકામાં આવેલી હાપીવાડી પ્રાથમિક શાળા ખાતે સ્કૂલ ઓફ એકસલન્સ અંતર્ગત રૂપિયા ૯૦ લાખના કામોનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં ચાર નવા ઓરડા, જૂના ઓરડાનું રીપેરીંગ, સ્કૂલ અપગ્રેટેશન, મેનગેટથી દરેક રૂમ સુધીની પાથેય કનેક્ટિવિટી, ગ્રીન સસ્ટેનેબલ અને નવી કમ્પાઉન્ડ વોલનું નિર્માણ કરવામાં આવનાર છે. જેમાં જિલ્લા પંચાયતના પ્રમુખ, જિલ્લા શિક્ષણ



સમિતિના ચેરમેન સંજયભાઈ નકુમ, જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેન જીતેન્દ્રભાઈ કણઝારિયા, નગરપાલિકાના જીગ્નેશભાઈ પરમાર, હર્ષદપુર ગ્રામ પંચાયતના સરપંચના હસ્તે ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં આમંત્રિતો, જિલ્લા પંચાયતના સભ્યો, હાપીવાડી શાળાના મુખ્ય શિક્ષક અને જિલ્લા મુખ્ય શિક્ષક સંઘના પ્રમુખ રામભાઈ ચાવડા, શાળાનો સ્ટાફ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા

# માંગરોળનાં યુવાને અમેરીકન લોકકથાનકો ઉપર પીએચ.ડી. કર્યુ

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ, તા.૧૨

અત્રેની સંસ્કૃત પાઠશાળાના પ્રાચાર્ય લાભુગુરૂજીના પૌત્ર યુગ રમેશભાઈ જોશીએ ટ્રેડીશન ઓફ અમેરીકન પ્રૌઝ નેરેટીવ સ્ટડીના વિષય ઉપર ડો.મુકેશ ભેસાણીયાના માર્ગદર્શન હેઠળ સૌરાષ્ટ્ર યુનિ. અંગ્રેજી વિભાગમાંથી ડોકટરેટની પદવી પ્રાપ્ત કરેલ છે. આ શોધ-સંશોધનમાં પ્રો.ડો.જયદીપસિંહ કે.ડોડીયા અને પ્રો.ડો.વીરલભાઈ



શુકલ સતત પ્રેરકબળ, દીશા નિર્દેશન પુરૂ પાડી આ એક અઘરા સંશોધનમાં સફળતા અપાવેલ છે. આ સિધ્ધી બદલ શિક્ષણ જગતના સમર્થ ગુરૂજનોએ અભિનંદન પાઠવેલ છે જેમાં ડો.ફિરોઝભાઈ શેખ, પ્રિ.ડો.આઈ.જી.પુરોહીત, પ્રો.ડો.શીતલબેન ઠાકોર, પ્રિ.ડો.ઝણકાટ વગેરેએ બિરદાવેલ છે.

# રાજ્યમાં કોરોનાના વધતા જતા કેસ સંદર્ભે ખંભાળિયાની સિવિલ હોસ્પિટલમાં કોવિડ મોકડ્રીલ યોજાઈ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૨

છેલ્લા કેટલાક દિવસોથી સમગ્ર દેશમાં કોરોનાનું સંક્રમણ દિવસે દિવસે વધી રહ્યું છે. ત્યારે કેન્દ્ર સરકાર આ સંદર્ભે એક્શન મોડમાં આવી છે. જેના અનુસંધાને ગઈકાલે સોમવારે સમગ્ર રાજ્યની તમામ સરકારી હોસ્પિટલમાં કોવિડ મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયામાં આવેલી સરકારી સિવિલ હોસ્પિટલના કોવિડ વિભાગમાં મોકડ્રીલ યોજવામાં આવી હતી. જેમાં ખાસ કરીને કોરોના સામેની તૈયારીના



ભાગરૂપે ઓક્સિજન, વેન્ટિલેટર, તેમજ જરૂરી દવાઓની ચકાસણી કરવામાં આવી હતી. આ ઉપરાંત અહીંની હોસ્પિટલમાં જો કોરોનાના કેસ વધે તો ઓક્સિજન, વેન્ટિલેટર અને દવાઓના ઉપલબ્ધ સ્ટોક અંગેની જાણકારી મેળવવામાં આવી હતી. આ મોકડ્રીલ દરમ્યાન હોસ્પિટલ સુપ્રિટેન્ડેન્ટ ડો. મનોજ કપુર, આર.એમ.ઓ. ડો. કેતન ભારથી, એમ.ડી. ફિજીશિયન ડો. નરેશ દેથરીયા તેમજ હોસ્પિટલ સ્ટાફ દ્વારા આ સમગ્ર કાર્યવાહી કરવામાં આવી હતી.



ભણતા ત્યારે હાઈસ્કુલમાં હડતાલ કરતા, હવે સંસદની કાર્યવાહી ખોરવીએ છીએ !



લોકસભામાં બરાડા પાડો છો ને ઘરેમાં અવાજ પણ નથી નીકળતો !



વારંવાર વિવાદાસ્પદ નિવેદનો કરી અને ગીનીઝ બુકમાં નામ નોંધવા માગતો લાગે છે !



તમે પક્ષપલ્ટો કરી અને જે પક્ષમાં જશો તે પક્ષની હાલત બગડી જશે !

# જૂનાગઢ મનપામાં વિરોધ પક્ષના નેતાની નિમણુંકના પ્રશ્ને રાજકારણ ગરમાયું

## વિપક્ષનો અવાજ દબાવવા અને ઓફીસ બંધ કરવાનું ષડયંત્ર હોવાનું જણાવતા વિરોધ પક્ષના નેતા અદ્રેમાન પંજા



જૂનાગઢતા.૧૨ જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા વિરોધ પક્ષના નેતાની નિમણુંક માટે હિલચાલ શરૂ કરવામાં આવતા ફરી એકવાર કોર્પોરેશનનું વાતાવરણ ગરમાયું છે. ભાજપ શાસીત મહાનાગરપાલિકામાં વિરોધ પક્ષના નેતાની નિમણુંકને લઈ ભારે ગરમાવો આવ્યો છે અને તા.૧૯ એપ્રિલના મનપાએ વિરોધ પક્ષના નેતાની નિમણુંક અંગે નિર્ણય લેવા માટે ખાસ જનરલ બોર્ડ બોલાવવામાં આવ્યું છે. જેમાં એક જ મુદ્દાનો એજન્ડા કાઢવામાં આવ્યો છે. વિરોધ પક્ષ કોંગ્રેસના ૩ અને એનસીપીના ૩ નગરસેવકો છે. બંને પક્ષ દ્વારા દોઢ વર્ષ અગાઉ વિરોધ પક્ષના પદની માંગ કરવામાં આવી હતી. બાદમાં બંને પક્ષ વચ્ચે ગઠબંધન થઈ ગયું હતું અને એનસીપીના નગરસેવકને વિરોધ પક્ષના નેતા તરીકે ચાલું રાખવા નક્કી થયું હતું પરંતુ અચાનક જ વિરોધ પક્ષની માંગણી વગર જ વિરોધ પક્ષના નેતા પદ માટે શું કરવું તેના માટે ખાસ જનરલ બોર્ડ મનપાના શાસકોએ બોલાવતા રાજકારણ ગરમાયું છે. આ દરમ્યાન જૂનાગઢ મહાનગરપાલિકાના વિરોધ પક્ષના નેતા અદ્રેમાનભાઈ પંજા, સેનીલાબેન એ. થઈમ, જેબુનનીશા એસ. કાદરી, મંજુલાબેન પણસારા, લલીતભાઈ પણસારાએ કમિશનરને પત્ર પાઠવી અને રજુઆત કરતા જણાવેલ છે કે, જૂનાગઢ મહાનગરપાલિકા છેલ્લા ૩.૫ વર્ષથી વિરોધ પક્ષના નેતા તરીકે અદ્રેમાનભાઈ પંજાની નિમણુંક થયેલ છે. જૂનાગઢ મનપામાં ૩ સભ્ય કોંગ્રેસના અને ૩ સભ્ય એનસીપીના ચુંટાતા કોંગ્રેસના સભ્ય દ્વારા તેમને હવે પછી વિરોધ પક્ષના નેતા તરીકે પદભાર આપવા પત્રથી જાણ કરેલ પરંતુ અનેસીપીના વિરોધપક્ષના નેતા અદ્રેમાનભાઈ પંજાને જ વિરોધપક્ષના નેતા તરીકે ચાલું રાખવા માટે શહેર કોંગ્રેસ પ્રમુખ અને કોંગ્રેસના સીનીયર કોર્પોરેટર મંજુલાબેન પણસારા અને લલીતભાઈ પણસારા દ્વારા કમિશનરને પત્ર દ્વારા જાણ કરેલ હતી. જેથી કમિશનર અને મેયરે વિરોધપક્ષના નેતા તરીકે અદ્રેમાનભાઈ પંજાને જ ચાલું રાખવાનું નક્કી થયેલ હતું. તેમજ પદાધિકારીઓની નિમણુંક ચુંટણી પુરી થયા બાદ પ્રથમ બોર્ડમાં પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે અને ત્યાર બાદ ૨.૫ વર્ષ પુર્ણ થયા બાદ પદાધિકારીની ૨.૫ વર્ષ માટે નિમણુંક થાય છે. જે સમય પુર્ણ થયો છે જેથી આ પ્રક્રિયા મુદત બહારની અને ગેરકાયદેસર છે. પરંતુ કેટલાક ભાજપના નેતાઓને આ બાબત ખુંચતી હોય રાગદ્વેશ રાખીનો જૂનાગઢના મેયરની આજ્ઞાથી આસી. સેક્રેટરી દ્વારા તા.૧૧-૪-૨૦૨૩ના રોજ જનરલ બોર્ડમાં માત્રને માત્ર વિરોધ પક્ષના નેતાની નવી નિમણુંક માટે એજન્ડો કાઢવામાં આવેલ છે. ભારતીય જનતા



પાર્ટીના લોકોને લોકોના પ્રશ્નો માટે રોડ, રસ્તા, ગટર, પાણી જેવા પ્રશ્નો નજરે નથી આવતા માત્રને માત્ર રાજકીય રાગદ્વેશ રાખીને વિરૂધ્ધ, નિમણુંકની સમયમર્યાદા વિત્યા પછી આવા નિર્ણય કરવ માટે જનરલ બોર્ડ બોલાવવું કેટલા અંશે વ્યાજબી છે કે માત્રને માત્ર વિપક્ષનો અવાજ દબાવવા માટે આવી કોશીષ કરવામાં આવી રહી છે. કોંગ્રેસ પક્ષ સાથે એનસીપી પક્ષને ગઠબંધન હોય જે બાબતે પણ પત્રથી કમિશનરને લેખીતમાં જાણ કરેલ છે. જેથી એવું લાગી રહ્યું છે કે ભારતીય જનતા પાર્ટી વિરોધપક્ષના નેતાને બદલા કે વિરોધપક્ષની ઓફીસ બંધ કરાવવાનું એક માત્ર ષડયંત્ર હોય તેવું લાગી રહ્યું છે જેથી આ બાબતે યોગ્ય કરવા માંગ છે તેમ એક અખબારી નિવેદનમાં જણાવેલ છે.

# વંથલી પંથકમાંથી ક્રિકેટ મેચ ઉપર હારજીતનો સટ્ટો રમતા ઝડપાયા : ત્રણ સામે કાર્યવાહી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢતા.૧૨

જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ચોક્કસ બાતમીના આધારે ગઈકાલે ધંધુસર ગામના નાદરખી ગામની સીમ વિસ્તારમાંથી ક્રિકેટ મેચ ઉપર હારજીતના જુગારને ઝડપી લઈ ત્રણ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ બનાવ અંગે મળતી વિગત અનુસાર ક્રાઈમ બ્રાન્ચના પોલીસ હેડ કોન્સ્ટેબલ મહેન્દ્રભાઈ દાનાભાઈએ જાતે ફરિયાદી બની અને ભુપત રણમલભાઈ કોડવાળા મેર(ઉ.વ.૩૯) રહે.ઝાંઝરડા રોડ, હાજર નહી મળેલ ઈમરાન પઠાણ રહે.કેશોદ તેમજ હાજર નહી મળેલ જયેશ રહે.કેશોદ વાળા વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના આરોપી નં-૧એ જાહેરમાં ગેરકાયદેસર રીતે ટાટા આઈપીએલ ૨૦૨૩ની દિલ્હી કેપીટલ અને મુંબઈ ઈન્ડીયન્સની ટીમો વચ્ચે ચાલતી ટી-૨૦ ક્રિકેટ મેચ ઉપર મોબાઈલ ફોનના માધ્યમથી ક્રિકેટ મેચમાં હારજીતના ક્રિકેટ સટ્ટા બેટીંગના સદાઓ કરી નાણાની હારજીત કરી પાછળથી હવાલા દ્વારા નાણાની આપ લે કરી ચીઠી, બોલપેન, મોબાઈલ ફોન-૧, મોટરસાઈકલ, રોકડા રૂા.૧૬,૨૦૦ કુલ મળી રૂા.૫૧,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરેલ છે જયારે ઈમરાન અને જયેશ હાજર નહી મળી આવતા ત્રણેય વિરૂધ્ધ ગુનો દાખલ કરવામાં આવેલ છે. આ બનાવની વધુ તપાસ વંથલીના પીએસઆઈ વાય.બી. રાણા ચલાવી રહ્યા છે.

### કણજાધાર નજીક જુગાર દરોડો

વંથલી પોલીસે કણજાધાર નજીક જુગાર અંગે દરોડો પાડતા જાહેરમાં જુગાર રમતા ૪ શખ્સોને રૂા.૩૧,૬૪૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

# જૂનાગઢની આર.એસ. કાલરીયા સ્કુલનાં અંગ્રેજી માધ્યમનાં બાળકો ઈન્ટરનેશનલ મેથ્સ ઓલીમ્પીયાડમાં ઝળકયાં



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા. ૧૨

જૂનાગઢ સ્થિત પટેલ કેળવણી મંડળ સંચાલીક આર.એસ. કાલરીયા પ્રાયમરી સ્કુલનાં અંગ્રેજી માધ્યમનાં ધો. ૧ થી ૮નાં કુલ ૩૮૪ બાળકોએ ઈન્ટરનેશનલ મેથ્સ ઓલીમ્પીયાડની સ્પર્ધામાં ગત તા. ૧૩ ડીસેમ્બર-૨૨નાં રોજ ભાગ લીધેલ જેનું પરીણામ જાહેર થયું છે. જેમાં ઈન્ટનેશનલ ગોલ્ડ મેડલ-૧, ઈન્ટનેશનલ સિલ્વર મેડલ-૧, ઈન્ટનેશનલ બ્રોન્ઝ મેડલ-૧, ઝોનલ ગોલ્ડ મેડલ-૨, ઝોનલ સિલ્વર મેડલ-૧ તથા ગોલ્ડ મેડલ ઓફ ડીસ્ટ્રીકશન-૧૦ તેમજ ગોલ્ડ મેડલ ઓફ એકસેલેન્સ-૪૧ આમ કુલ મળીને ૫૭ બાળકોને મેડલ મળેલ છે. તેઓની આ સિધ્ધી બદલ સંસ્થાનાં કેમ્પસ ડાયરેકટર ડો. દિનેશભાઈ ડઢાણીયા, એકેડેમીક ડેપ્યુટી ડાયરેકટર નિરજભાઈ વાછાણી, પ્રિન્સીપાલ આસ્થાબેન નાવાણી તેમજ શાળાનાં શિક્ષકો દ્વારા સન્માનીત કરવામાં આવેલ હતાં. સંસ્થાનાં પ્રમુખ સવજીભાઈ મેનપરા, વાઈસ મેનેજીંગ ટ્રસ્ટી રતિભાઈ મારડીયા, એકેડેમીક ઈન્ચાર્જ ડો. પી.આર. ગોધાણી તેમજ સંસ્થાનાં તમામ હોદેદારો તેમજ સમગ્ર સ્ટાફે વિદ્યાર્થીઓએ ઈન્ટરનેશનલ મેથ્સ ઓલીમ્પીયાડમાં મેળવેલ સિધ્ધી બદલ તેઓને બિરદાવેલ તેમજ ઉજજળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવેલ હતી.

# જૂનાગઢમાં સીનીયર સીટીઝનો સાયબર ક્રાઈમનો ભોગ ન બને તે માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા. ૧૨

જૂનાગઢ રેન્જનાં પોલીસ મહાનિરીક્ષક મયંકસિંહ ચાવડાની સુચના તેમજ ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક કરણરાજ વાઘેલાનાં માર્ગદર્શન હેઠલ જીલ્લામાં સાયબર ક્રાઈમનાં વધતા જતા બનાવોનો ધ્યાનો લઈ આવા ગુનાઓ બનતા અટકાવવા સુચના આપવામાં આવેલ હોય ખાસ કરીનો રાજયનાં મહિલાઓ, બાળકો તથા સીનીયર સીટીઝનની સુરક્ષા માટે તથા તેઓને પડતી તકલીફોનાં નિરાકરણ માટે સ્ટેટ નોડલ એજન્સી દ્વારા પણ સુચના આપવામાં આવેલ છે. જે અંતર્ગત કાર્યવાહી કરવા માટે રાજયનાં દરેક જીલ્લાઓમાં પોલીસ સ્ટેશનોમાં એસએચઈ ટીમની રચના કરવામાં આવેલ છે. જૂનાગઢ જીલ્લા સાયબર સેલ દ્વારા ગઈકાલે પોલીસ હેડ ક્વાર્ટર જૂનાગઢ ખાતે જીલ્લાનાં તમામ પોલીસ સ્ટેશનોમાં કાર્યરત એસએચઈ ટીમનાં સભ્યોની એક મીટીંગ બોલાવવામાં આવેલ હતી. જેમાં જૂનાગઢ જીલ્લામાં વસતા સીનીયર સીટીઝનો સાયબર ક્રાઈમનો ભોગ ન બને તે માટે તેઓને જરૂરી માર્ગદર્શન આપવા માટે તેમનાં રહેણાંક ઉપર જઈ પ્રત્યક્ષ સંપર્ક કરી તેઓને સાયબર ક્રાઈમનો ભોગ બનતા અટકાવવા માટે સુરક્ષા સેતુ સોસાયટીનાં સાહયોગથી સ્ટેટ સાઈબર ક્રાઈમ સેલ દ્વારા તૈયાર કરવામાં આવેલ સુચના પત્ર તેમજ પ્રેઝન્ટેશન દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ હતું. તેમજ સીનીયર સીટીઝનો આવ કોઈ સાયબર ક્રાઈમનો ભોગ ન બને તે માટે જીલ્લાની એસએચઈ ટીમનાં સભ્યોને જરૂરી તાલીમ તેમજ માર્ગદર્શન જૂનાગઢ જીલ્લા સાયબર સેલ દ્વારા આપવામાં આવેલ હતું. અને આગામી સમયમાં આ કામગીરી પરીણામલક્ષી થાય તે માટે પણ જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ હતું. આ ઉપરાંત જૂનાગઢ જીલ્લાનાં જે પોલીસ સ્ટેશન વિસ્તારમાં વૃધ્ધાશ્રમો આવેલા છે ત્યાં અધિકારીઓએ સીનીયર સીટીઝનોની મુલાકાત લઈ તેઓનાં કુટુંબીજનો સાથે કોઈ વિવાદ હોય તેવા કિસ્સાઓમાં સુમેળભરી રીતે વિવાદ ઉકેલવા માટે યથાયોગ્ય પ્રયત્નો કરવા માટે માર્ગદર્શન આપવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં જૂનાગઢ જીલ્લા ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક કરણરાજ વાઘેલાની સુચના તથા માર્ગદર્શન હેઠળ નાયબ પોલીસ અધિક્ષક કેશોદ બી.સી. ઠકકરની અધ્યક્ષતામાં જૂનાગઢ જીલ્લા સાયબર ક્રાઈમ સેલ એમઓબી શાખા, સુરક્ષા સેતુ સોસાયટી શાખા, કોમ્પ્યુટર શાખાનાં અધિકારીઓ, કર્મચારીઓ તેમજ જૂનાગઢ જીલ્લાનાં તમામ પોલીસ સ્ટેશનનાં એસએચઈ ટીમનાં સભ્યો તેમજ જૂનાગઢ જીલ્લા પ્રેસ, પ્રિન્ટ ઈલેકટ્રોનીકસ મીડીયાનાં કર્મચારીઓ ઉપસ્થિત રહેલ હતાં.


દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફક્ત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે


**વ્યાના કલીનીક**
ડૉ. વૈશાલીબેન એ. રાઠોડ
(પૂર્વ મેડીકલ ઓફિસર સિવિલ)
ફેમેલી ફીઝીશ્યન એન્ડ સર્જન, સ્ત્રી રોગ નિષ્ણાંત, લેબોરેટરી ની સુવિધા ઉપલબ્ધ
રૂદ્ર આર્કેડ, નંદનવન રોડ, આદિત્યેશ્વર મહાદેવ મંદિર રોડ, જોષીપરા, જુનાગઢ.
સોમ થી શનિ : • સવારે ૧૦ થી ૧૨ • સાંજે ૫ થી ૮

**ૐ નેચર કયોર સેન્ટર**
ડો. સી.ડી. ઓઝા (N.D.)
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
● કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બાસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૦૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૬૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ. LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : સોમ-શુક્ર-શનિવાર
રાજકોટ : મંગળ-બુધ-ગુરૂવાર
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mal : aum.ayurved.hospital@gmail.com

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
● સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
● જૂનાગઢ શહેરના હદયસમા કાળવા ચોકમાં
● આપના શુભપ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૦ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
ચૈત્રી નવરાત્રી નિમિત્તે ગાયનું શુધ્ધ ઘી આવી ગયેલ છે તેમજ ભેસનું ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન : ૨૬૨૫૧૨૩

વિનય એન. પ્રજાપતિ મો.૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો.૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો.૯૮૨૪૪ ૮૧૫૦૦
"સ્વાદનો એવો જાદુ જાગે, વારંવાર મન લલચાવે"
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન : ૨૬૫૨૬૧૨

પવિત્ર રમજાન મહિના નિમિત્તે
સ્પે. પાઉ
સ્પે. બ્રેડ
સ્પે. નાનરોટી
રોજે રોજની તાજી મળશે
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ